dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 101 | AD - 2026, Paush Vad - 10 | Tuesday, Dt. 13-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બંને નેતાઓની બેઠક દરમિયાન યુક્રેન, ગાઝા સહિતના વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી

## ભારત અને જર્મની વચ્ચે વેપાર, સંરક્ષણ, ઉર્જા સહિત અનેક મહત્વના ક્ષેત્રોમાં કરાર

ગાંધીનગર,તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ વચ્ચે દ્વિપક્ષીય બેઠક મળી હતી. ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિર ખાતે મળેલી બેઠકમાં બંને નેતાએ મહત્વના મુદ્દાઓ પર વાર્તાલાપ કર્યો હતો. આ દરમિયાન બંને દેશ વચ્ચે કેટલાક અગત્યના કરાર કરવામાં આવ્યા. જેમાં ભારત-જર્મની વચ્ચે મહત્વના ક્ષેત્રે અનેક કરાર, વેપાર, સંરક્ષણ, શિક્ષણ સહિતના ક્ષેત્ર, ઈન્ડો-જર્મન ઉચ્ચ શિક્ષણ, આયુર્વેદ, પેટ્રોલિયમ, ગેસ, ટેક્નોલોજી, ગ્લોબલ સ્કીલ પાર્ટનરશિપ, ખાનગી કંપનીના એમઓયુ કરવામાં આવ્યા. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કરતા જણાવ્યું કે રમતગમત ક્ષેત્રે પરસ્પર સહયોગ વધારવાની પણ બંને નેતાઓએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. મોદીએ જણાવ્યું કે ભારત અને જર્મની હંમેશા ખભે ખભો મળાવીને ચાલ્યા છે અને વિશ્વ પણ આ પરસ્પર સહયોગને નિહાળી રહ્યું છે. બેઠક દરમિયાન યુક્રેન, ગાઝા સહિતના વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું કે



ભારત શાંતિપૂર્ણ સમાધાનનું સમર્થન કરે છે અને આતંકવાદને દુનિયા માટે મોટો ખતરો ગણાવ્યો.

બંને દેશો વચ્ચેની દ્વિપક્ષીય મુલાકાત બાદ વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું હતું, તેમણે જર્મન ચાન્સેલરનું સ્વાગત પણ કર્યું હતું. અને કહ્યું કે, જર્મની સાથે સંબંધો વધુ મજબૂત બનાવવાની દિશામાં ભારતનું આ કદમ છે. જર્મની ચાન્સેલર ફ્રેડરિક મર્ઝની આ યાત્રા ભારત સાથેના સંબંધોની મજબૂતી દર્શાવે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત અને જર્મની વચ્ચેના સંબંધોને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. બે હજારથી વધુ જર્મન કંપનીઓ ભારતમાં છે. ચાન્સેલરની આ મુલાકાત જર્મનીનો ભારત પરનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે. રિન્યુએબલ એનર્જી ક્ષેત્ર સાથે બંને દેશની જરૂરિયાત સમાન છે. બંને દેશો અનેક ક્ષેત્રોમાં નવી ભાગીદારી આગળ વધારી રહી છે. જર્મની સાથે તકનિકી સંબંધો વધુ મજબૂત થયા છે. બંને દેશોએ રમત-ગમત ક્ષેત્રમાં પણ આગળ વધવા નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રીએ વધુમાં નોંધ્યું હતું કે ગયા વર્ષે, ભારત અને જર્મનીએ તેમની વ્યૂહાત્મક ભાગીદારીના ૨૫ વર્ષની ઉજવણી કરી હતી, અને આ વર્ષે, બંને દેશો રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ સિદ્ધિઓ ફક્ત સમયની વાત નથી, પરંતુ સહિયારી દ્રષ્ટિ, પરસ્પર વિશ્વાસ અને વધતા સહકારનું પ્રતીક છે.

#### પીએમ મોદી અને જર્મન ચાન્સેલરે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના ત્રીજા દિવસે સવારે તેમણે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ સાથે ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. જે બાદ પીએમ મોદી સહિત જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉદ્‌ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ તેમની સાથે જોડાયા હતા. ગાંધી આશ્રમની મુલાકાત બાદ પીએમ મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે અમદાવાદમાં યોજાઈ રહેલા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં હાજરી આપી હતી.

## છત્તીસગઢમાં SDMની હાજરીમાં બાર ડાન્સરોનું નગ્ન પ્રદર્શન, ત્રણ પોલીસ કર્મચારીઓએ જાહેરમાં ચુંબન કરતા સસ્પેન્ડ

રાયપુર,તા.૧૨

છત્તીસગઢના ગારિયાબંદ જિલ્લામાં ઓર્કેસ્ટ્રા પરફોર્મન્સમાં અશ્લીલ નૃત્ય અને એસડીએમ તુલસી દાસ માર્કમની હાજરીને લઈને મોટો વિવાદ ફાટી નીકળ્યો છે. એસડીએમને હટાવવામાં આવ્યા છે, ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને આયોજન સમિતિના ૧૪ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. બાળ સુરક્ષા આયોગે કાર્યક્રમમાં સગીરોની હાજરીની તપાસના આદેશ પણ આપ્યા છે. ઉર્માલ, ગારિયાબંદમાં યુવા સમિતિ દ્વારા આયોજિત છ દિવસીય ઓર્કેસ્ટ્રા કાર્યક્રમમાં ઓડિશાના બાર ડાન્સર્સે અશ્લીલ નૃત્યો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમ માટે મૈનપુરના એસડીએમ તુલસી દાસ માર્કમ પાસેથી પરવાનગી લેવામાં આવી હતી. નર્તકોએ સ્ટેજ પર અર્ધનગ્ન થઈને તેમના ગુપ્ત ભાગો ખુલ્લા કર્યા હતા. એસડીએમ તુલસી દાસ માર્કમ અને ઘણા પોલીસકર્મીઓ હાજર હતા. કાર્યક્રમમાં એસડીએમ માટે ખાસ બેઠક અનામત રાખવામાં આવી હતી. એસડીએમ તુલસી




દાસ માર્કમની હાજરીમાં અશ્લીલ નૃત્યનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ, ગારિયાબંદ કલેક્ટર ભગવાન સિંહ ઉઈકેએ એસડીએમને હટાવી દીધા છે. SDM સામે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે અને તપાસ આજથી શરૂ થશે. એસપી વેદવ્રત સિરમૌર્યએ ઓર્કેસ્ટ્રા ડાન્સર્સ સાથે ચુંબન અને ફ્લર્ટ કરનારા ત્રણ પોલીસકર્મીઓ, હેડ કોન્સ્ટેબલ દિલોચન રાવતે, કોન્સ્ટેબલ શુભમ ચૌહાણ અને કોન્સ્ટેબલ જય કંસારીને સસ્પેન્ડ કર્યા છે. બાળ સંરક્ષણ પંચે નિર્દેશ આપ્યો છે કે કાર્યક્રમમાં કોઈપણ સગીર કે બાળકોની હાજરીની તપાસ કરવામાં આવે અને ૨૪ કલાકમાં રિપોર્ટ રજૂ કરવામાં આવે. આયોજન સમિતિના ચૌદ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે.

## ઈસરોના PSLV-C 62, EOS-N-1 મિશનમાં ત્રીજા પ્રક્ષેપણના અંતિમ તબક્કામાં ટેકનિકલ ખામી સર્જાઈ

બેંગ્લુરૂ,તા.૧૨

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ સોમવાર, ૧૨ જાન્યુઆરીના રોજ અવકાશ ક્ષેત્રમાં વધુ એક મોટી છલાંગ લગાવી. ઈસરોએ પીએસએલવી સી ૬૨ મિશન પર દેશના ઉપગ્રહ ઈઓએસ-એન-૧ અન્વેષાને અવકાશમાં લોન્ચ કર્યું. આ ઉપગ્રહ સરહદ દેખરેખ, છુપાયેલા લક્ષ્યોની શોધ અને પર્યાવરણીય દેખરેખમાં ક્રાંતિ લાવશે તેવી અપેક્ષા હતી. અહેવાલો અનુસાર, ઈસરોનું ૨૦૨૬ નું પ્રથમ ઉપગ્રહ પ્રક્ષેપણ શ્રીહરિકોટા સ્પેસ પોર્ટથી સવારે ૧૦:૧૭ વાગ્યે થયું હતું. જોકે, મિશનના ત્રીજા તબક્કાના અંતિમ તબક્કા દરમિયાન એક ટેકનિકલ ખામી



સર્જાઈ હતી. ઈસરોએ સોમવારે પીએસએલવી સી-૬૨ મિશન સાથે તેના ૨૦૨૬ લોન્ચ કેલેન્ડરની શરૂઆત કરી. આ મિશન પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ ઈઓએસ-એન-૧ અને ૧૪ અન્ય પેલોડ્સને અવકાશમાં લોન્ચ કરવાનું હતું. આ મિશન, ઈસરોની વાણિજ્યિક શાખા, ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું, અને સ્થાનિક અને વિદેશી ગ્રાહકોના ૧૪ અન્ય સહ-મુસાફર ઉપગ્રહોને લઈ જવામાં આવ્યા હતા, જે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ લોન્ચ પેડથી સવારે ૧૦:૧૭ વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું. મુખ્ય પેલોડ ડીઆરડીઓનો ઈઓએસ એન-૧ (અન્વેષા) હાઈપરસ્પેક્ટ્રલ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે, જે સરહદ દેખરેખ, છુપાયેલા લક્ષ્યોની શોધ અને પર્યાવરણીય દેખરેખમાં ક્રાંતિ લાવશે. ૨૦૨૫ ના પ્રક્ષેપણની નિષ્ફળતા પછી પીએસએલવી માટે આ એક મહત્વપૂર્ણ પુનરાગમન હતું.

## મમતા બેનર્જી સામે ધાક-ધમકીના આરોપ સાથે ઈડીની સુપ્રીમમાં અરજી

નવીદિલ્હી,તા.૧૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની મુશ્કેલીઓ વધી ગઈ છે. ઈડીએ તેમની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં રિટ અરજી દાખલ કરી છે. આ કેસ ઈડીના ત્રણ અધિકારીઓ સામે ધાક-ધમકીઓનો છે. ઈડીએ કહ્યું કે આ અરજી કોલકાતામાં સર્ચ ઓપરેશન દરમિયાન ED અધિકારીઓને ખોટી રીતે રોકવા સામે છે. આ અરજી પશ્ચિમ બંગાળ સરકાર અને મુખ્યમંત્રી વિરુદ્ધ દાખલ કરવામાં આવી છે. આ અરજી ત્રણ ઈડી અધિકારીઓ વતી દાખલ કરવામાં આવી છે જે ઓપરેશન



દરમિયાન પશ્ચિમ બંગાળમાં હતા. કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં મમતા બેનર્જી અને અન્ય ઘણા લોકો સામે ગંભીર આરોપો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ડીજીપીએ સર્ચમાં અવરોધ ઊભો કર્યો હતો. ૨,૭૪૨ કરોડના કોલસા કૌભાંડના સંદર્ભમાં ૮ જાન્યુઆરીએ કરવામાં આવેલી શોધમાં કથિત રીતે અવરોધ ઊભો કરવા બદલ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, ડીજીપી રાજીવ કુમાર અને સીપી મનોજ વર્મા સામે સીબીઆઈ એફઆઈઆર દાખલ કરવી જોઈએ અને તપાસ કરવી જોઈએ. અરજીમાં જણાવાયું છે કે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ડીજીપીએ બળજબરીથી ઘૂસીને શોધમાં અવરોધ ઊભો કર્યો હતો. ટીએમસી સમર્થકોએ હાઈકોર્ટની કાર્યવાહીને હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો હતો. હાઈકોર્ટની સુનાવણી પહેલાં ટીએમસી સમર્થકોએ વોટ્સએપ ગ્રુપ દ્વારા આયોજનબદ્ધ હંગામો મચાવ્યો હતો. ૨,૭૪૨ કરોડના કોલસા કૌભાંડના સંદર્ભમાં ૮ જાન્યુઆરીએ કરવામાં આવેલી શોધમાં કથિત રીતે અવરોધ ઊભો કરવા બદલ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, ડીજીપી રાજીવ કુમાર અને સીપી મનોજ વર્મા સામે સીબીઆઈ એફઆઈઆર દાખલ કરવી જોઈએ અને તપાસ કરવી જોઈએ. અરજીમાં જણાવાયું છે કે મુખ્યમંત્રી મમતા બેનર્જી, ૧૦૦ થી વધુ પોલીસ અધિકારીઓ સાથે, બપોરે ૧૨:૦૫ વાગ્યે પ્રતીક જૈનના નિવાસસ્થાને પ્રવેશ્યા અને ઈડી દ્વારા જપ્ત કરાયેલા લેપટોપ, મોબાઈલ ફોન અને દસ્તાવેજો બળજબરીથી લઈ ગયા, તેમને ટ્રકમાં ભરી દીધા.

## સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી પર રાષ્ટ્રપતિ અને પીએમ મોદીએ પુષ્પાંજલિ અર્પણ કરી

નવીદિલ્હી,તા.૧૨

સોમવારે, સમગ્ર દેશ સ્વામી વિવેકાનંદની ૧૬૩મી જન્મ જયંતીની ઉજવણી કરી રહ્યો છે. રામકૃષ્ણ મઠ અને મિશનના મુખ્ય મથક બેલુર મઠ ખાતે, ઉજવણી વહેલી સવારે મંગળ આરતી અને વિશેષ પ્રાર્થના સાથે શરૂ થઈ. સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ ના રોજ તત્કાલીન કલકત્તામાં નરેન્દ્રનાથ દત્ત તરીકે થયો હતો. તેમની જન્મ જયંતી રાષ્ટ્રીય યુવા



દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વામી વિવેકાનંદ દ્વારા સ્થાપિત રામકૃષ્ણ મઠ અને મિશનની વિવિધ શાખાઓએ રાજ્યના વિવિધ ભાગોમાં શોભાયાત્રાઓનું આયોજન કર્યું હતું, જેમાં શાળાના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## દેશના અનેક રાજ્યોમાં ઠંડીનો કહેર : રાજસ્થાનના અનેક શહેરોમાં તાપમાન શૂન્યથી નીચે સરક્યું

નવીદિલ્હી,તા.૧૨

ઉત્તર ભારતના રાજ્યોમાં તીવ્ર ઠંડીના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. દિલ્હી સહિત પડોશી રાજ્યોમાં તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સિઝનની પહેલી અને સૌથી તીવ્ર ઠંડીનો અનુભવ થયો, આયાનગરમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૨.૯ ડિગ્રી સેલ્સિયસ થયું. હવામાન વિભાગ અનુસાર, દિલ્હીના પાલમ સ્ટેશને ૧૩ વર્ષનો રેકોર્ડ તોડ્યો, જેમાં લઘુત્તમ તાપમાન ૩.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. સફદરજંગ વેધશાળામાં પણ ૪.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું, જે સામાન્ય કરતાં ૨.૬ ડિગ્રી ઓછું છે. તીવ્ર ઠંડી અને બર્ફીલા પવનોને કારણે, હવામાન વિભાગે આગામી બે દિવસ માટે 'યલો એલર્ટ' જારી કર્યું છે. રાજસ્થાનમાં પરિસ્થિતિ વધુ ગંભીર છે, રણ વિસ્તારોમાં તાપમાન શૂન્ય (માઈનસ) થી નીચે આવી ગયું છે. પ્રતાપગઢમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૨ ડિગ્રી (-૨° સે.) નોંધાયું છે, જ્યારે બાડમેરમાં માઈનસ ૧ ડિગ્રી (-૧° સે.) તાપમાન નોંધાયું છે. પિલાની, સીકર અને ચુરુ જેવા શહેરોમાં પણ ૧થી ૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો અનુભવ થયો છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૩-૦૧-૨૦૨૬

# બગસરા ડેપોમાં અમરેલી જવા માટે બસ ન ફાળવાતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતોનો હોબાળો: બસ રોકો આંદોલન

બગસરા,તા.૧૨

બગસરા ડેપોમાંથી અમરેલી જવા માટે અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતો માટે કાયમી બસ ફાળવવા અનેક વખત રજૂઆત કરવા છતાં બસ ન ફાળવાતા મુસાફરો વિફર્યા હતા અને બસ રોકો આંદોલન કર્યું હતું.



બગસરા ડેપોનો વહીવટ કથળતો જતો હોવાના આક્ષેપ સાથે મુસાફરોએ જણાવ્યું હતું કે, અમો ૨૫ થી ૩૦ લોકો કાયમી અપ-ડાઉન કરીએ છીએ અને આખા મહિનાનો પાસ પણ કઢાવેલો હોય છે. છતાં બસની સુવિધાના અભાવે અમારે રૂપિયા ખર્ચીને અન્ય ખાનગી વાહનોમાં જવું પડે છે. ફરી બસ બંધ રાખવામાં આવતા રોષે ભરાયેલા વિદ્યાર્થીઓ અને નોકરિયાતોએ ડેપોમાં બસ રોકો આંદોલન શરૂ કર્યું હતું. આ દરમિયાન અડધો કલાક સુધી એસ.ટી. બસને ડેપોમાં પ્રવેશવા કે બહાર નીકળવા દીધી ન હતી.

# સા.કુંડલાને સ્માર્ટ જીઆઈડીસી મળતા વેપારીઓમાં આનંદ છવાયો

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા શહેર માટે આજે ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ દિવસ સાબિત થયો છે. વર્ષોથી તોલ-માપના કાંટા (સ્કેલ) અને ખેતીવાડીના ઓજારો માટે વૈશ્વિક ઓળખ ધરાવતા સાવરકુંડલાને આધુનિક ઉદ્યોગોની હરોળમાં લાવવા માટે નરેન્દ્ર મોદી દ્વારા રાજકોટ ખાતેથી ગુજરાતમાં ૧૧ નવી સ્માર્ટ GIDC ની જાહેરાત કરવામાં આવી, જેમાં સાવરકુંડલાનો સમાવેશ થતાં સમગ્ર પંથકમાં ખુશીની લહેર દોડી ગઈ છે.



આ ખુશીના સમાચાર મળતા જ શહેરના હૃદય સમાન રિદ્ધિ-સિદ્ધિ ચોક ખાતે ઉદ્યોગકારો, વેપારીઓ અને વિવિધ સંગઠનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. ઢોલ-નગારા, ડીજેના તાલે અને ગગનચુંબી આતશબાજી સાથે વિજયોત્સવ ઉજવાયો હતો અને સૌએ મોઢું મીઠું કરી આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ GIDC મંજૂરી માટે કરેલી અવિરત મહેનત બદલ ઉદ્યોગ એસોસિએશન દ્વારા તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# અમરેલીના લીલીયા રોડ પર હરિવિહાર યોગ પાઠશાળાનો તૃતીય વાર્ષિક દિન ઉજવાયો

અમરેલી,તા.૧૨



અમરેલીમાં લીલીયા રોડ પર ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા સંચાલિત હરિવિહાર યોગ પાઠશાળાનો તૃતીય વાર્ષિક દિન ઉજવાયો હતો. આ પ્રસંગે મોરબી ઝોનલ કો-ઓર્ડીનેટર વાલજીભાઈ ડાભી, સ્ટેટ અને નેશનલ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિનર આઈ.પી. બારડ, જિલ્લા કો-ઓર્ડીનેટર સાગરભાઈ મહેતા, બગસરા તાલુકા યોગ કોચ શિવરાજભાઈ ઉપસ્થિત રહ્યા હતા. યોગ પાઠશાળાના કોચ પ્રિયંકાબેન કટોચે તુલસીના રોપાઓ આપી તેઓનું સ્વાગત કર્યું હતું.

# ધારી ખાતે બજરંગ ગૃપ દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધારી,તા.૧૨

દર મહિનાના પહેલા બુધવારે વિનામૂલ્યે નેત્ર યજ્ઞનું આયોજન રાજકોટ રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવે છે જેમાં ધારી અને ધારી આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો બહોળી સંખ્યામાં લાભ લે છે. જેથી ગત તા.૭ના રોજ ધારી ખાતે બજરંગ ગૃપ દ્વારા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવાકીય આગેવાનો રમેશભાઈ આહીર, દેવાભાઈ પાઠક, કિશોરભાઈ વનમોરા જેવા સેવાભાવી કાર્યકર્તા લોકો દ્વારા ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડો.વાઘેલા અને તેમની ટીમ દ્વારા સુંદર કામગીરી બજાવવામાં આવી હતી. નેત્ર નિદાન કેમ્પમાં ૬૦ જેટલા દર્દીઓએ આંખની તપાસ કરાવી હતી. જેમાં જરૂરિયાતમંદ દર્દીઓને આંખના ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા.



**૬૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓએ આંખની તપાસ કરાવી**

# બાબાપુરના સર્વોદય આશ્રમ ખાતે સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી કરાઈ

બાબાપુર, તા.૧૨



અમરેલીના બાબાપુર સ્થિત સર્વોદય આશ્રમ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે 'યુવા દિન'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક લલિતભાઈએ યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગો અને ચરિત્ર પર વાત કરી હતી. હિમાંશુભાઈએ યુવાનોને તેમના આદર્શો અપનાવવા પ્રેર્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ વક્તવ્યો આપ્યા હતા. ધોરણ ૧૧ની એક વિદ્યાર્થિનીને નિબંધ સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવવા બદલ ત્રણ તાળીનું સન્માન આપવામાં આવ્યું હતું.

# અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી

અમરેલી,તા.૧૨

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે કોલેજની ઈનોવેશન ક્લબ અંતર્ગત "સ્વામી વિવેકાનંદઃ યુવાનોમાં પરિવર્તનના પ્રણેતા" વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ સેમિનારમાં અમરેલીના ડેરી પીપળીયા આશ્રમના મહંત હંસ ગીરીબાપુ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ.બી. ગોરવાડીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ કોલેજના પ્રા. વાય.કે. કયાડા દ્વારા મહંતનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને તેમનો પરિચય આપવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યા ભારતીબેન ફીણવીયાનું સ્વાગત પ્રા. જે.એમ. તળાવીયાએ કર્યું હતું. પોતાના વક્તવ્યમાં મહંત હંસ ગીરીબાપુએ સ્વામી વિવેકાનંદ કઈ રીતે યુવાનોમાં પરિવર્તન લાવવા માટે સમર્થ છે, તેના વિશે રસપ્રદ વાતો કરી હતી. તેમણે પોતાની હળવી શૈલીમાં વિદ્યાર્થીઓને પરિવર્તન માટે પ્રોત્સાહિત કર્યા હતા. પ્રવચન બાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરીનું સત્ર પણ યોજાયું હતું. કાર્યક્રમના અંતે પ્રા. જે.એમ. તળાવીયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપકો ડો. એ. જી. પટેલ, ડો. વાય.એચ. ઠાકર, ડો. પી.કે. ત્રિવેદી, ડો. એમ.એમ. પટેલ અને ડો. એ.કે. વાળાએ જહેમત ઉઠાવી હતી. આયોજનની સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, નિયામક ડો. જી.સી. ભીમાણી અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાવરકુંડલામાં હઝરત ઉતાવળા પીરના ઉર્સ મુબારકની શાનદાર ઉજવણી: હિન્દુ-મુસ્લિમ એકતાના અનોખા દર્શન

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા નજીક બોઘરીયાણી રોડ પર આવેલ અલ્લાહના વલી હઝરત ઉતાવળા પીર (ર.અ.)નો વાર્ષિક ઉર્સ મુબારક રવિવારના રોજ અત્યંત ભક્તિભાવ અને શાન-ઓ-શૌકત સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુસ્લિમ બિરાદરોની સાથે મોટી સંખ્યામાં હિન્દુ શ્રદ્ધાળુઓએ પણ હાજરી આપી સાવરકુંડલાની ગંગા-જમના તહેઝીબ અને કોમી એકતાનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



ઉર્સની ઉજવણીના ભાગરૂપે સવારથી જ દરગાહ શરીફ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સવારે સમૂહમાં દરૂદ શરીફ પઢીને દેશની શાંતિ અને પ્રગતિ માટે વિશેષ દુઆ કરવામાં આવી હતી. ત્યારબાદ બપોરે ૧૧:૦૦ વાગ્યાથી દરગાહ શરીફ પર નિયાઝ (પ્રસાદી)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

# અમરેલીની જેસીંગપરા કન્યાશાળામાં ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા 'સીડ્સ એક્ઝિબિશન' યોજાયું

અમરેલી,તા.૧૨

ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા 'વિઝન ફોર વાઈલ્ડ લાઈફ' પ્રોગ્રામ અંતર્ગત અમરેલીની જેસીંગપરા કન્યાશાળા ખાતે સીડ્સ એક્ઝિબિશન (બીજ પ્રદર્શન)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં ૧૫૦ જેટલી જુદી જુદી વનસ્પતિઓના બીજ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં બીજની ઓળખ, તેમનું મહત્વ, ખાસિયતો અને તેના કુદરતી સંરક્ષણ અને સંવર્ધન અંગેની માહિતી આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ વનસ્પતિના બીજની વિવિધતાને સમજે તે હતો.



આ કાર્યક્રમમાં નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, નાયબ નિરંતર શિક્ષણ અધિકારી સોલંકી, આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેક્ટર ચાવડા, ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સેન્ટર ચિલ્ડ્રન મ્યુઝિયમ બાલભવનના નિલેશભાઈ પાઠક તેમજ સામાજિક વનીકરણ રેન્જ અમરેલીથી ફોરેસ્ટર વી.ડી. મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ગેવરીયા પરિવાર દ્વારા મોટી કુંકાવાવના અમરાપુર ધાનાણી ગામે શિવકથા યોજાશે

અમરેલી,તા.૧૨

ગુરુદેવ મંડળ સર્વિસવાળા હેમાંગભાઈ અને અજયભાઈ ગેવરીયા દ્વારા મોટી કુંકાવાવ તાલુકાના અમરાપુર ધાનાણી ગામે પિતૃમોક્ષાર્થે શિવકથાનું આયોજન કરાયું છે. આ શિવકથા તા. ૧૬ થી શરૂ થશે. કથા સમય સવારે ૯:૦૦ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી રહેશે. કથાકાર ગીરીબાપુ કથાનું રસપાન કરાવશે. કથાસ્થળ :કૈલાશ અમરાપુર ધાનાણી ગામે રાખેલ છે. કથા સમય દરમ્યાન તા.૧૬ના રોજ પોથીયાત્રા, તા.૧૭ ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે ભજન સંતવાણી, તા.૧૮ના રોજ રાત્રીના ૯:૦૦ કલાકે રાસોત્સવ, તા.૧૯ના રાત્રીના ૯:૦૦ કલાકે સંતવાણી, તા.૨૦ના રોજ સંતવાણી, તા. ૨૧ના રોજ બપોરના ૩:૦૦ કલાકે શિવવિવાહ, તા.૨૨ના રોજ ભજન સંતવાણી, તા.૨૩ના રોજ ભજન સંતવાણી તેમજ કથા શ્રવણ માટે આવતા લોકો માટે બપોરે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. તા.૧૯ને બપોરે ૩:૩૦ કલાકે ધર્મસભા યોજાશે. જેથી આ શિવકથાનો લાભ લેવા માટે તમામ ભક્તોને ગેવરીયા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

**કથા સમય દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યોક્રમોનું કરાયું આયોજન**









# બાબરાના મોટા દેવળીયા-રાણપરડાના રોડના રિસર્ફેસીંગ માટે રૂ. ૫૦ લાખ મંજૂર કરાવતા ધારાસભ્ય જનક તળાવીયા

લાઠી,તા.૧૨



લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના મોટા દેવળીયા અને રાણપરડા ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦ લાખનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. તેમની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રિસર્ફેસીંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહનવ્યવહાર સરળ બનશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરું છું.

# ધારીના નાસતા-ફરતા આરોપીને અમરેલી ફર્લો સ્ક્વોડે સુરતથી ઝડપી પાડ્યો

અમરેલી,તા.૧૨



અમરેલી જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ અમરેલી LCB પી.આઈ. વી.એમ. કોલાદરા અને પેરોલ ફર્લો સ્કવોડના પી.એસ. આઈ. એન.જી. સાપરાની ટીમે સફળતા મેળવી છે. છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા આરોપી જયેશ ધનજીભાઈ કણસાગરા (ઉ.વ. ૩૨, રહે. ધારી)ને સુરતના કામરેજ ચોકડી ખાતેથી ઝડપી લેવામાં આવ્યો છે. આ આરોપી વિરુદ્ધ અમરેલી મહિલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ હતો. આરોપીએ પોતાની પત્નીને શારીરિક-માનસિક ત્રાસ આપી માર માર્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. કોર્ટ દ્વારા તેની સામે વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સની મદદથી પેરોલ ફર્લો ટીમે તા. ૧૦ના રોજ સુરત ખાતે તપાસ કરી આરોપીને ઝડપી આગળની કાર્યવાહી માટે અમરેલી મહિલા પોલીસને સોંપવામાં આવ્યો છે.

**આરોપીને ઝડપી મહિલા પોલીસને સોંપવામાં આવ્યો**

# સા.કુંડલાના ભમ્મર પ્રા.શાળામાં પક્ષીઓ બચાવવાની પ્રેરણા આપવામાં આવી



**વિદ્યાર્થીઓએ પક્ષીઓના સંરક્ષણ માટે પ્રતિજ્ઞા લીધી**

અમરેલી,તા.૧૨

સાવરકુંડલાના ભમ્મર ગામે કરુણા અભિયાન ૨૦૨૬ અંતર્ગત પક્ષીઓને બચાવવા માટે વનવિભાગે એક સરાહનીય પહેલ કરી છે. ભમ્મર ગામની પ્રાથમિક શાળા ખાતે વનવિભાગ દ્વારા પતંગની દોરીથી પક્ષીઓને થતી ઈજાઓથી બચાવવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાવરકુંડલા વનવિભાગના ફોરેસ્ટ ગાર્ડ આઈ.એચ. સુમરાએ જનજાગૃતિ સાથે જાગૃતતા લાવવાનો સફળ પ્રયાસ કર્યો હતો. તેમણે પક્ષીઓને બચાવવાની ભાવના સાથે અપીલ કરી, જેના પગલે શાળાના વિદ્યાર્થીઓએ પક્ષીઓના સંરક્ષણ માટે પ્રતિજ્ઞા લીધી હતી. આ અભિયાનનો હેતુ પક્ષીઓને સલામતી પૂરી પાડવાનો અને ઉત્તરાયણ પર્વ દરમિયાન વિશેષ કાળજી લેવાનો છે.

# રાજુલા શહેરમાં એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરાયું

રાજુલા, તા.૧૨



**સેમિનારમાં નારી ઉત્કર્ષ આધારિત સંશોધનો રજૂ થયા**

શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, રાજુલા અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજુલા ખાતે સૌપ્રથમ વાર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદનો મુખ્ય વિષય "ભારતીય ભાષા સાહિત્ય અને અન્ય વિદ્યા શાખામાં નારી ઉત્કર્ષ" હતો. જેમાં ગોંડલ, ભાવનગર, રાજુલા, ઉના, જાફરાબાદ, નડિયાદ, જૂનાગઢ, વેરાવળ, રાજકોટ સહિત અનેક સ્થળોએથી પ્રોફેસરો, સંશોધનકર્તાઓ, અને વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. રીટાબેન રાવળે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. સેમિનારમાં નારી ઉત્કર્ષ આધારિત સંશોધનો રજૂ થયા હતા. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, બંગાળી સાહિત્યમાં નારીપાત્રોની છણાવટ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. મિત્તલબેન નાયીએ અને આભાર દર્શન પ્રો. ભગવતીબેન વડીયાએ કર્યું હતું.

# મોટા લીલીયા ખાતે સ્વ.કાંતાબેન દવેની પુણ્યતિથિએ વડીલ વંદના

લીલીયા,તા.૧૨



મોટા લીલીયાના લેઉવા પટેલ સમાજ વાડી ખાતે સ્વ. કાંતાબેન રમણીકભાઈ દવેની ચોથી પુણ્યતિથિ નિમિત્તે અતુલભાઈ રમણીકભાઈ દવે પરિવાર દ્વારા 'વડીલ વંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દવે પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ અવસરે નાના બાળકોએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. આયોજક અતુલભાઈ રમણીકભાઈ દવે પરિવારે બ્રહ્મસમાજના ૭૦ વર્ષથી વધુ ઉંમરના ૬૫ જેટલા વડીલોને પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કર્યા હતા.

## અવસાન નોંધ

**પિંડાખાઈ**

સ્વ.જગદીશભાઈ વાલજીભાઈ ભટ્ટ (ઉ.વ.૮૯)નું તા.૧૨/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રાજેશભાઈ, દિનેશભાઈ તેમજ મધુબેનના પિતા થાય છે. જેમનું બેસણુ તા.૧૫/૦૧/૨૦૨૬ને ગુરૂવારના રોજ ૪થી ૬ તેમના નિવાસ સ્થાન પિંડાખાઈ ગામે રાખેલ છે.

# રાજુલામાં નવનાત વણિક સમાજનું સ્નેહમિલન, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૧૨



રાજુલામાં નવનાત વણિક સમાજનો દ્વિતીય સ્નેહમિલન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ભોજન સમારોહ ઉત્સાહભેર આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીતના સમૂહગાન સાથે કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું અને ઉપસ્થિત માનવંતા મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. યુવક મંડળના પ્રમુખ પિયુષભાઈ મહેતા તથા તેમની ટીમ દ્વારા સેવા આપવામાં આવી હતી. મહિલા મંડળના પ્રમુખ જીઆબેન શેઠ તથા તેમની ટીમ દ્વારા દેશભક્તિ અને ધાર્મિક ભાવનાથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં રાષ્ટ્રીય પ્રમુખ પ્રશાંતભાઈ શાહ, DVS ગુજરાત સૌરાષ્ટ્ર વિભાગના પ્રમુખ પરાગભાઈ શાહ, પ્રેમભાઈ ધીયા, મહુવાથી નિલેશભાઈ છાપરી સહિત અનેક મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં જગતગુરૂ રામાનંદાચાર્યજી મહારાજની જન્મ જયંતીની ઉજવણી કરાઈ

રાજુલા,તા.૧૨



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં સૌપ્રથમવાર જગતગુરૂ રામાનંદાચાર્યજી મહારાજની જન્મ જયંતીની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને આરતીથી થઈ, જેમાં માતાઓ, બહેનો અને દીકરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉજવણીની સાથે સાથે રામાનંદ ભવનના નિર્માણ માટે વાડીની જગ્યા લઈને હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પીપાવાવ ધામના મહંત શ્રી ૧૦૦૮ મહેશબાપુ સહિત અનેક સાધુ-સંતોએ હાજરી આપી હતી અને ધર્મસભામાં સનાતન ધર્મ વિશે વક્તવ્ય આપ્યું હતું. ભવન નિર્માણ માટે અંદાજે રૂ.૧,૫૧,૦૦૦નું યોગદાન આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ
KG થી PG
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત - Ad171










## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૦/૨૦૨૬

અરજદાર :- રાઘવભાઈ શામજીભાઈ ગોહિલ
રહે.દેવરાજીયા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. દેવરાજીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવરાજીયા ગામમાં અરજદાર શ્રી રાઘવભાઈ શામજીભાઈ ગોહિલ તેઓના ભત્રીજા પરશોતમભાઈ હરિભાઈ ગોહિલની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ નં.148/2025

પ્રતિ
શ્રી જયંતિભાઈ કાળુભાઈ ઠુમ્મર
રહે. ભેભા, ગામ-ભેભા, તા.ઉના
જિલ્લા-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી પી.જી.સોસા ગીરગઢડા

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઈંટવાયા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ .........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ભેભા ગામના રહીશ જયંતિભાઈ કાળુભાઈ ઠુમ્મર તથા વિલાસબેન જયંતિભાઈ ઠુમ્મરના પુત્ર અભયકુમાર જયંતિભાઈ ઠુમ્મરનો જન્મ તારીખ **07/07/1991**ના રોજ ગીરગઢડા તાલુકાના ઈંટવાયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ઈંટવાયા, તાલુકો-ગીરગઢડા સને-**1991**ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. /૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ નં.149/2025

પ્રતિ
ભુપતભાઈ ટપુભાઈ વણજર
રહે. મોટા સમઢીયાળા, ગામ-મોટા સમઢીયાળા, તા.ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી પી.જી.સોસા ગીરગઢડા

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મોટા સમઢીયાળા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીર સોમનાથ .........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના મોટા સમઢીયાળા ગામના રહીશ ભુપતભાઈ ટપુભાઈ વણજર તથા જીવણીબેન ભુપતભાઈ વણજરના પુત્રી સુમરીબેન ભુપતભાઈ વણજરનો જન્મ તારીખ **20/05/2003**ના રોજ ગીરગઢડા તાલુકાના મોટા સમઢીયાળા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, મોટા સમઢીયાળા, તાલુકો-ગીરગઢડા સને-**2003**ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ નં.150/2025

પ્રતિ
રાણપરીયા રશીલાબેન રમેશભાઈ
રહે. વડલી, ગામ-વડલી, તા.ગીરગઢડા
જિલ્લા-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી પી.જી.સોસા ગીરગઢડા

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઈંટવાયા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ .........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના વડલી ગામના રહીશ સુવાગિયા મનજીભાઈ માધાભાઈ તથા સુવાગિયા લાભુબેન મનજીભાઈના પુત્રી ગોદાવરીબેન મનજીભાઈ માધાભાઈનો જન્મ તારીખ **20/09/1975**ના રોજ ગીરગઢડા તાલુકાના ઈંટવાયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ઈંટવાયા, તાલુકો-ગીરગઢડા સને-**1975**ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

# લાઠીના મુળીયાપાટ ગામે નવા પંચાયત ભવનનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

**નવું પંચાયત ભવન બનવાથી ગ્રામ પંચાયતની તમામ કામગીરી વધુ કાર્યક્ષમ રીતે થશે**



લાઠી, તા.૧૨

લાઠી તાલુકાના મુળીયાપાટ ગામમાં આજે નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે થયું હતું. મુળીયાપાટ ગામે વર્ષોથી એક સુવિધાસભર, આધુનિક અને સુવ્યવસ્થિત પંચાયત ભવનની જરૂરિયાત હતી. નવું પંચાયત ભવન બનવાથી ગ્રામ પંચાયતની તમામ કામગીરી વધુ કાર્યક્ષમ રીતે થશે, લોકો માટે સરકારી યોજનાઓ અને સેવા મેળવવામાં સુવિધા અને પારદર્શિતા વધશે, ગામના વિકાસ સંબંધિત બેઠક, આયોજન અને તાલીમ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે, ગામજનોને દૈનિક પ્રશાસન સંબંધિત કામગીરી માટે એક જ છત નીચે સુવિધા મળશે.

આ તકે જનકભાઈ તળાવીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર અને તેઓ પોતે ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

# અમરેલીના મોટા ગોખરવાળા-સોનારીયા રોડ પર બોલેરો ચાલકે બાઈક સવાર યુવકને કચડતા કરુણ મોત

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લાના મોટા ગોખરવાળાથી સોનારીયા જવાના માર્ગ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતા બોલેરો પીકઅપના ચાલકે મોટરસાયકલ સવાર યુવકને જોરદાર ટક્કર મારતા, ગંભીર ઈજાઓને કારણે યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જી બોલેરો ચાલક વાહન સાથે નાસી છૂટ્યો હતો. આ અંગે મોટા ગોખરવાળા ગામે રહેતા વિનુભાઈ મોહનભાઈ કથિરીયા (ઉ.વ.૫૮)એ બોલેરો વાહન નં.**GJ-03-AX-4408** ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, ફરિયાદીનો દીકરો પોતાના હવાલાવાળું મોટરસાયકલ (નંબર: **GJ-27-AB-3144**) લઈને વાડીએ આંટો મારવા જઈ રહ્યો હતો. જ્યારે તે મોટા ગોખરવાળા ગામથી સોનારીયા રોડ પર આવેલા કોઝવે પાસે પહોંચ્યો, ત્યારે સામેથી આવતા બોલેરો પીકઅપ (નંબર: **GJ-03-AK-4408**) ના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી યુવકના મોટરસાયકલ સાથે જોરદાર અકસ્માત સર્જ્યો હતો.

આ ગંભીર અકસ્માતમાં યુવકને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ માનવતા બતાવવાને બદલે બોલેરો ચાલક પોતાના વાહન સાથે ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો. આ મામલે મૃતક યુવકના પિતાએ બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. પોલીસે માનવ જિંદગી જોખમાય તે રીતે વાહન ચલાવી અકસ્માત સર્જી મોત નિપજાવવા બદલ ગુનો નોંધી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી નજીકની ગૌશાળા દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે દાન સ્વીકારાશે

**સંસ્થાએ ધર્મપ્રેમી જનતાને તેમની શક્તિ મુજબ દાન કરવા માટે અપીલ કરી**

ધારી,તા.૧૨

ધારીથી ૧૭ કિ.મી. દુર ગીરના કાંઠે શ્રી પુરૂષોતમલાલજી ગૌલોક સેવાધામ ટ્રસ્ટની ગૌશાળા આવેલ છે, જેનું સંચાલન બાબુભાઈ ઢોલા કરે છે. તેઓ ૩૨ વરસથી ગૌસેવા કરે છે. ગૌશાળામાં હાલ ૩૫૦ ગૌવંશ, જેમાં અપંગ અને અશકત ગૌવંશની વિશેષ દેખભાળ કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થા દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે દાન સ્વીકારવા માટે યોગીજી ચોક ખાતે તા. ૧૪/૦૧/૨૦૨૬ ના રોજ રાવટી ઉભી કરાશે. આ પવિત્ર દિવસે ધર્મપ્રેમી જનતાને તેમની શક્તિ મુજબ દાન કરવા માટે અપીલ કરવામાં આવે છે. સંસ્થાને આવકનો કોઈ કાયમી સ્ત્રોત નથી.

# સાવરકુંડલાનાં સંસ્કાર પરિસર - વિશ્વાસ વિદ્યાલયના વિવિધ સેવા પ્રકલ્પોનું ભૂમિપૂજન

સાવરકુંડલા,તા.૧૨

સત્ય પ્રેમ કરૂણા ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્કાર પરિસર – વિશ્વાસ વિદ્યાલયના વિવિધ સેવા પ્રકલ્પોનો ભવ્ય ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્ય મોરારીબાપુએ પોતાના વરદ્ હસ્તે ભૂમિપૂજન કરીને પ્રોજેક્ટને આશીર્વાદ આપ્યા હતા. બાપુએ પ્રસન્નતા વ્યક્ત કરી અને આ સેવાકાર્યો દ્વારા સમાજમાં સત્ય, પ્રેમ અને કરુણાના મૂલ્યોના પ્રસારની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં ભૂમિદાતા પન્નાબેન નાયક અને નટવરભાઈ ગાંધીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઉપરાંત, ભક્તિ બાપુ (માનવ મંદિર), અમરેલીના જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને હરેશભાઈ મહેતા (લલુભાઈ શેઠ આરોગ્ય મંદિર) સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : સૌરભ દોશી

# જાફરાબાદના નાગેશ્રી ખાતે મહેતા પરિવાર દ્વારા ગુરૂદેવ યોગીરાજની પુણ્યતિથિ ઉજવાઈ

જાફરાબાદ,તા.૧૨



જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ખાતે મુંબઈ વણિક સમાજ સંચાલિત ત્રીસ શિખરબંધ મંદિરોનું અલૌકિક ધામ આવેલું છે. તાજેતરમાં, અહીં પૂજ્ય ગુરુદેવ યોગીરાજની ૫૦મી પુણ્યતિથિ નાગેશ્રી મહેતા પરિવાર દ્વારા ઉજવવામાં આવી હતી.

સ્વ. અરવિંદભાઈ ઈન્દ્રજીત મહેતા અને સ્વ. મધુબેન મહેતા પરિવારે આ ઉજવણીમાં મહાપૂજા, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યો યોજ્યા હતા.

# રાજુલાની સંઘવી હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાની યોગ શિબિર યોજાઈ

રાજુલા,તા.૧૨



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત રાજુલામાં તાલુકા કક્ષાની યોગ શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર આજે, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, સવારે ૬ થી ૮ કલાકે જે.એ. સંઘવી હાઈસ્કૂલના પટાંગણમાં યોજાઈ હતી. જેમાં નાના બાળકો, માતાઓ અને બહેનો સહિત ૧૦૦ જેટલા ઉત્સાહી નાગરિકોએ યોગનો લાભ લીધો હતો. યોગ બોર્ડનો મુખ્ય હેતુ રાજ્યમાં યોગનો વ્યાપ વધારી લોકોને નિરોગી રાખવાનો અને સ્વસ્થ જીવનશૈલી માટે પ્રોત્સાહિત કરવાનો છે.

# રાજુલાના ઝાંઝરડા(વેડી)ગામે ઉર્સ શરીફ મુબારક યોજાશે

રાજુલા,તા.૧૨



રાજુલા તાલુકાના ઝાંઝરડા (વેડી) ગામે હજરત આલમશા બાબા (દરગાહ શરીફ)નો વાર્ષિક "ઉર્સ શરીફ મુબારક" તા.૧૪-૦૧-૨૦૨૬ બુધવારના રોજ ભવ્ય રીતે યોજાશે. ઉર્સ નિમિત્તે સંદલ શરીફ તા.૧૩-૦૧-૨૦૨૬ મંગળવારે ઈશાની નમાજ બાદ થશે. તા.૧૪-૦૧-૨૦૨૬ બુધવારે સવારે ૯ વાગે મિલાદ શરીફ તથા બપોરે ૧૨ વાગે ન્યાઝનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં તમામ શ્રદ્ધાળુઓને હાજર રહેવા જાહેર આમંત્રણ અપાયું છે.

# રાજુલાની સેન્ટ થોમસ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક જાગૃતિ અંગે માહિતગાર કરાયા

રાજુલા,તા.૧૨

રાજુલા ખાતેની સેન્ટ થોમસ હાઈસ્કૂલમાં રાજુલા પોલીસ સ્ટેશન અને 'જન રક્ષક ૧૧૨'ની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક અવેરનેસ અને માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પોલીસ ટીમે ૧૧૨ હેલ્પલાઈનની કામગીરી અને મહત્ત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. જન રક્ષક ૧૧૨ના ઈનચાર્જ હેડ કોન્સ. વી.બી. સોલંકી અને એમ.બી. ધાખડા, ડ્રાઈવર હરદીપભાઈ રાઠોડ, વનરાજભાઈ સોલંકી અને ટ્રાફિક બ્રિગેડના જવાનો હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાના વાહનો સંભાળીને ચલાવવા, હાઈ સ્પીડ ટાળવા અને સોસાયટી વિસ્તારોમાં ઓવરટેક ન કરવા જેવી મહત્વની ટ્રાફિક માહિતીથી વાકેફ કર્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૧૩-૦૧-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૧૩-૦૧-૨૦૨૬ મંગળવાર

- મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.
- વૃષભ: કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.
- મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે.
- કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.
- સિંહ: બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે, પરંતુ કાર્યસ્થળની ધીમી ગતિને કારણે માનસિક તણાવ ઊભો થઈ શકે છે.
- કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે.
- તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.
- વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.
- ધન: દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે.
- મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.
- કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો.
- મીન: પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

# ધારીના મોરઝર ગામે પડોશીએ જ ટ્રેક્ટરની પાઈપો કાપી રૂ. ૨૧ હજારનું નુકસાન કર્યું

ધારી, તા. ૧૨

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના મોરઝર ગામે પડોશી દ્વારા ટ્રેક્ટરને નુકસાન પહોંચાડવાની એક અજીબ ઘટના સામે આવી હતી. ઘર સામે પાર્ક કરેલા ટ્રેક્ટરની પાઈપો તિક્ષ્ણ હથિયાર વડે કાપી નાખતા પડોશી સામે ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે મુકેશભાઈ નાગજીભાઈ ભેસાણીયા (ઉ.વ.૪૬)એ ડાયાભાઈ ગોકળભાઈ ભેસાણીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

મોરઝર ગામના મુકેશભાઈ નાગજીભાઈ ભેસાણીયા પાસે ૨૦૨૪ના મોડલનું કેપ્ટન ટ્રેક્ટર ૨૫૦ **DI** (રજી. નં. જીજે-૧૪-બીજી-૧૦૮૫) છે, જે તેઓએ પોતાના મકાન સામે જાહેર રસ્તા પર પાર્ક કર્યું હતું. દરમિયાન, ફરિયાદીની સામે જ રહેતા ડાયાભાઈ ગોકળભાઈ ભેસાણીયા નામના શખ્સે ટ્રેક્ટર પાસે જઈ કોઈ તિક્ષ્ણ હથિયાર વડે ટ્રેક્ટરની પાઈપો કાપી હોવાનું સામે આવ્યું હતું. તેમણે જ્યારે પોતાના ઘર પાસે લાગેલા **CCTV** કેમેરાના ફૂટેજ ચેક કર્યા, ત્યારે પડોશી ડાયાભાઈ ટ્રેક્ટર પાસે શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યા હતા અને પાઈપો કાપી રહ્યા હોય તેવું કેમેરામાં સ્પષ્ટ દેખાયું હતું. આરોપીએ ટ્રેક્ટરની ડીઝલની પાઈપ તથા દવા છાંટવાની પ્રેસર પાઈપ તોડી નાખી હતી. નવા નક્કોર ટ્રેક્ટરમાં આશરે રૂ. ૨૧,૦૦૦ નું નુકસાન થતા તેમણે આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે **CCTV** ફૂટેજના આધારે ડાયાભાઈ ભેસાણીયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીરાજભાઈ પ્રતાપભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાની કાણકિયા અને સંઘવી કોલેજની એનએસએસ શિબિર સંપન્ન

સાવરકુંડલા,તા.૧૨




વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલાના **NSS** વિભાગ દ્વારા આયોજિત સાત દિવસની વાર્ષિક શિબિર (સ્પેશિયલ કેમ્પ) તારીખ ૧૦ના રોજ માનવ મંદિર મુકામે સંપન્ન થઈ. આ શિબિરમાં **NSS**ના સ્વયંસેવકોએ ગ્રામ સફાઈ, સ્વચ્છતા અભિયાન, શ્રમકાર્ય, વ્યસનમુક્તિ, બેટી બચાવો, સ્વાસ્થ્ય જનજાગૃતિ અને વૃક્ષારોપણ જેવી અનેક પ્રવૃત્તિઓ કરી હતી.

# અમરેલી શહેરમાં રિક્ષાચાલકે 'તું-કારે' બોલાવવાની ના પાડતા મામલો બિચક્યો

અમરેલી, તા.૧૨

અમરેલીમાં નજીવી બાબતે માથાકૂટ અને મારામારીની ઘટનાઓ વધી રહી છે, ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં રિક્ષાચાલકને માનથી બોલાવવાનું કહેવા બદલ બે શખ્સોએ તેના પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. ચંદ્રિકાબેન નિલેશભાઈ ધાધલ (ઉ.વ.૪૫)એ ગીતાબેન વિપુલભાઈ જેબલીયા તથા વિલાસબેન મધુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ, એક રિક્ષાચાલક જ્યારે પોતાનું કામ કરી રહ્યો હતો, ત્યારે સામાવાળા શખ્સોએ તેની સાથે અપશબ્દો બોલી 'તું-કારે' વાત કરવાનું શરૂ કર્યું હતું. રિક્ષાચાલકે ગૌરવભેર વળતો જવાબ આપતા કહ્યું હતું કે, "હું તમને કંઈ કહેતો નથી, તો તમે મને શું કામ તું-કારે બોલાવો છો?"

પોતાની ભૂલ સ્વીકારવાને બદલે સામાવાળા શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને રિક્ષાચાલકને આ વાત કહેવી ભારે પડી હતી. આરોપીએ ઉશ્કેરાટમાં આવીને પોતાના હાથમાં રહેલ રસનું તગારૂં રિક્ષાચાલકના માથામાં ઝીંકી દીધું હતું. આટલેથી ન અટકતા, આરોપીઓએ ગળાના ભાગે નખ મારીને ઈજાઓ પહોંચાડી હતી. આ ઝઘડા દરમિયાન બંને આરોપીઓએ રિક્ષાચાલકને જાહેરમાં જેમ ફાવે તેમ ગાળો આપી હતી અને એકબીજાને મદદગારી કરી રિક્ષાચાલક પર હુમલો કર્યો હતો. આ અંગે રિક્ષાચાલકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના આગરીયા જકાતનાકા પાસે ચાલુ બાઈક પરથી મોબાઈલ પડી ગયા બાદ ચોરી

રાજુલા, તા.૧૨

રાજુલામાં રસ્તાની ખરાબ હાલત અને ખાડાઓને કારણે ચાલુ મોટરસાયકલે ખિસ્સામાંથી મોબાઈલ ફોન પડી જવાની અને ત્યારબાદ કોઈ અજાણ્યો શખ્સ તે ચોરી કરી ગયો હોવાની ઘટના સામે આવી હતી. આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. અનિરૂધ્ધભાઈ નારશંગભાઈ ભંડારી (ઉ.વ.૩૯)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, ૦૯/૦૧/૨૦૨૬ ના રોજ રાત્રે આશરે સાતેક વાગ્યાની આસપાસ ફરિયાદી પોતાના રૂમથી ચાલીને આહીર સમાજના ગેટ પાસે પહોંચ્યા હતા. ત્યાંથી આગળ જવા માટે તેમણે એક મોટરસાયકલ સવાર પાસે લિફ્ટ માંગી હતી અને આગરીયા જકાતનાકા પર ઉતારવા જણાવ્યું હતું. આગરીયા જકાતનાકા વચ્ચેનો રસ્તો અત્યંત બિસ્માર હોવાથી તેમજ રસ્તામાં ખાડા-ખાબોચિયા અને બમ્પ હોવાથી, બાઈક ઉછળતા ફરિયાદીના પેન્ટના ખિસ્સામાંથી તેમનો કિંમતી મોબાઈલ ફોન રસ્તામાં ક્યાંક પડી ગયો હતો. ૨૧ હજારની કિંમતનો મોબાઈલ ફોન રસ્તામાં પડી ગયા બાદ અજાણ્યો વ્યક્તિ તેને પરત કરવાના બદલે ચોરી કરી લઈ જતા આખરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# સૌરાષ્ટ્રના વિકાસના સર્વાંગી સપના સાકાર થશે

રાજકોટમાં યોજાતો રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ માત્ર એક ઔપચારિક ઔદ્યોગિક સંમેલન નથી, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના વિકાસ માટેનું એક મહત્વપૂર્ણ મંચ છે. વાઈબ્રન્ટ ગુજરાતની વિચારધારા રાજ્યના મહાનગરોથી આગળ વધીને પ્રદેશીય વિકાસને કેન્દ્રમાં રાખે છે, અને એ દૃષ્ટિએ રાજકોટમાં યોજાતો આ કાર્યક્રમ સૌરાષ્ટ્ર માટે નવી આશાઓ અને નવી દિશાઓનું પ્રતિનિધિત્વ કરે છે. સૌરાષ્ટ્ર વેપાર, ખેતી અને ઉદ્યોગની સમૃદ્ધ પરંપરા ધરાવે છે, પરંતુ સમય સાથે જરૂરી માળખાકીય સુવિધાઓ અને નીતિગત ટેકો મળતો રહ્યો હોત તો આજે આ વિસ્તાર વધુ ઝડપથી આગળ વધ્યો હોત એવી લાગણી થાય છે.

રાજકોટનું ભૌગોલિક સ્થાન, ઉદ્યોગસાહસિક સ્વભાવ અને માનવ સંસાધન સૌરાષ્ટ્રના વિકાસનું કુદરતી કેન્દ્ર બની શકે તેમ છે. મશીન ટૂલ્સ, ઓટો પાર્ટ્સ, ફાઉન્ડ્રી, સિરામિક્સ અને હવે નવી ટેક્નોલોજી આધારિત ઉદ્યોગો રાજકોટ આસપાસ વિકસ્યા છે. રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત આ ઉદ્યોગોને વૈશ્વિક બજાર સાથે જોડવાની તક આપે છે. સાથે સાથે, જૂનાગઢ, ભાવનગર, જામનગર, પોરબંદર અને અમરેલી જેવા જિલ્લાઓને રાજકોટ સાથે એક સંકલિત વિકાસ ઝોન તરીકે જોવામાં આવે તો સૌરાષ્ટ્રનું આર્થિક ચિત્ર વધુ મજબૂત બની શકે.

ખાસ કરીને અમરેલી જિલ્લાની વાત કરીએ તો, આ વિસ્તાર વિકાસની મોટી શક્યતાઓ ધરાવતો હોવા છતાં હજી સુધી પૂરતો ઔદ્યોગિક નકશા પર આવ્યો નથી. ખેતી અને પશુપાલન અહીંની મુખ્ય આર્થિક પ્રવૃત્તિઓ છે. જો ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગો, ડેરી આધારિત યુનિટ્સ, ઓર્ગેનિક ખેતી સાથે જોડાયેલા એક્સપોર્ટ હબ અને એગ્રો-લોજિસ્ટિક્સ સેન્ટરો વિકસાવવામાં આવે તો અમરેલીના ખેડૂતો અને યુવાઓને સ્થાનિક સ્તરે રોજગાર મળી શકે. દરિયાકાંઠા નજીકના વિસ્તારોમાં ફિશ પ્રોસેસિંગ, કોલ્ડ ચેઈન અને મરીન આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું પણ સમયની માંગ છે.

અમરેલી માટે એક મહત્વપૂર્ણ સૂચન એ છે કે ત્યાં સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરો અને પોલિટેકનિક સંસ્થાઓને ઉદ્યોગોની જરૂરિયાત સાથે જોડવામાં આવે. માત્ર ઉદ્યોગ લાવવો પૂરતું નથી, પરંતુ સ્થાનિક યુવાનોને તે ઉદ્યોગમાં કામ કરવા લાયક બનાવવા વધુ જરૂરી છે. સાથે સાથે, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે સરળ લોન, જમીન ફાળવણી અને ઝડપી મંજૂરી પ્રક્રિયા અમરેલી જેવા જિલ્લાઓને વિકાસની મુખ્ય ધારા સાથે જોડશે.

કેન્દ્ર સરકારની ઉદ્યોગ વિકાસ નીતિઓ, જેમ કે મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત અને પીએમ ગતિશક્તિ યોજના, સૌરાષ્ટ્ર માટે પણ વિશાળ તકો ઊભી કરે છે. પીએમ ગતિશક્તિ હેઠળ માર્ગ, રેલવે, બંદર અને લોજિસ્ટિક્સનું સંકલિત આયોજન સૌરાષ્ટ્રના ઉત્પાદનોને દેશ-વિદેશ સુધી પહોંચાડવામાં મદદરૂપ બનશે. આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ સ્થાનિક ઉત્પાદન અને મૂલ્યવર્ધન પર ભાર મૂકવામાં આવ્યો છે, જે સૌરાષ્ટ્રના પરંપરાગત ઉદ્યોગોને નવી ઊંચાઈ આપી શકે છે.

રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ એ માત્ર આશ્વાસનોનો મંચ ન બને, પરંતુ અહીં થયેલી ચર્ચાઓ જમીન પર ઉતરે તે સૌથી મહત્વનું છે. જો કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ, સ્થાનિક જરૂરિયાતો અને ઉદ્યોગસાહસિકોની ઊર્જા એકસાથે કાર્ય કરે, તો રાજકોટથી શરૂ થતી વિકાસયાત્રા સમગ્ર સૌરાષ્ટ્રને નવી ઓળખ આપી શકે છે. એ ઓળખ એવી હશે, જ્યાં વિકાસ માત્ર આંકડાઓમાં નહીં, પરંતુ સામાન્ય માણસના જીવનમાં અનુભવાય.

# દાન, પુણ્ય અને પતંગનો મહોત્સવ એટલે મકરસંક્રાંતિ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આપણા ઉત્સવો સાથે માત્ર ધાર્મિક નહીં પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિ કોણ પણ જોડાયેલ છે તેમાંનો એક તહેવાર છે મકરસંક્રાંતિ. ભારતીય સંસ્કૃતિ પર્વો અને તહેવારોની ધરોહર છે. દરેક તહેવાર માનવજીવનને કોઈ ને કોઈ સંદેશ આપે છે.

ક્યારેક સંયમનો, ક્યારેક ઉત્સાહનો અને ક્યારેક પરોપકારનો. આવા જ તહેવારોમાં મકરસંક્રાંતિનું સ્થાન વિશેષ અને અનોખું છે. આ તહેવાર પ્રકૃતિ, ખગોળવિજ્ઞાન, લોકસંસ્કૃતિ અને માનવમૂલ્યોને એકસાથે જોડે છે. મકરસંક્રાંતિ માત્ર પતંગ ઉડાવવાનો આનંદમય દિવસ નથી, પરંતુ તે દાન, પુણ્ય અને માનવતા પ્રત્યેની જવાબદારીનું સ્મરણ કરાવતો પવિત્ર પર્વ છે. મકરસંક્રાંતિ એ દિવસ છે જ્યારે સૂર્ય ભગવાન મકર રાશિમાં પ્રવેશ કરે છે અને દક્ષિણાયનમાંથી ઉત્તરાયણ તરફ ગતિ કરે છે.

સૂર્યના ઉત્તરાયણને ભારતીય પરંપરામાં શુભ સમયનો આરંભ માનવામાં આવે છે. આ દિવસથી દિવસો લાંબા અને રાત્રિઓ ટૂંકી થવા લાગે છે. પ્રકૃતિમાં નવજીવનનો સંચાર થાય છે અને શિયાળાની કઠિનતા ધીમે ધીમે ઓછી થવા લાગે છે. તેથી મકરસંક્રાંતિને આશા, ઉર્જા અને સકારાત્મકતાનું પ્રતીક માનવામાં આવે છે. સૂર્ય જીવનનો દાતા છે. સૂર્યના પ્રકાશ થકી નવ ગ્રહ પર તેના અજવાળા પથરાય છે. સૂર્ય જ્યારે તેનું સ્થાન બદલે છે અને દક્ષિણમાંથી ઉત્તર તરફ ગતિ કરે છે ત્યારે તેની અસર પૃથ્વીના ઋતુચક્ર પર પડે છે અને આ ઋતુચક્રમાં ફેરફારો થાય છે એ માનવજીવન અને સમગ્ર સૃષ્ટિ પર સકારાત્મક અસર પાડે છે. શીતળતા ઓછી થાય છે, રાત દિવસના ચક્રમાં પણ ફેરફારો થાય છે આના કારણે પૃથ્વીના પર્યાવરણમાં પણ મોટા ફેરફારો થાય છે અને આને કારણે મકરસંક્રાંતિને એક તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. ભારતના વિવિધ પ્રદેશોમાં મકરસંક્રાંતિ જુદા જુદા નામે અને પરંપરાઓ સાથે ઉજવાય છે. ગુજરાતમાં આ તહેવાર પતંગોત્સવ તરીકે વિશેષ લોકપ્રિય છે. વહેલી સવારથી જ ઘરોની છતોએ લોકો ભેગા થાય છે, રંગબેરંગી પતંગો આકાશમાં ઉડાડે છે અને "કાઈ પો છે"ના નાદથી આખું આકાશ ગુંજી ઊઠે છે. આ પતંગોત્સવ માત્ર રમત નથી, પરંતુ તેમાં ઉત્સાહ, સ્પર્ધા, એકતા અને આનંદનો સુમેળ જોવા મળે છે.

પરિવારજનો, મિત્રો અને પડોશીઓ સાથે મળીને ઉજવાતો આ તહેવાર સામાજિક સંબંધોને મજબૂત બનાવે છે. પતંગ આકાશમાં ઉડતો દેખાય છે ત્યારે એવું લાગે છે કે માનવજીવન પણ બંધનો તોડી ઉંચાઈ તરફ પ્રયાણ કરી રહ્યું છે. પતંગ ઉડાવવાનો અર્થ માત્ર મનોરંજન નથી, પરંતુ આત્મવિશ્વાસ, સંતુલન અને ધીરજનો પાઠ પણ છે. જેમ પતંગ દોરીના સહારે આકાશમાં ટકીને રહે છે, તેમ માનવજીવન પણ સંયમ અને સંસ્કારના સહારે ઉન્નતિ પામે છે.

મકરસંક્રાંતિ અપ્રત્યક્ષ રીતે જીવનમાં સજાગ રહેવાનો પણ સંદેશો આપે છે જો ઢીલ મૂકશો અથવા ઢીલાશ રાખશો તો સામે વાળો તમારો પતંગ કાપી નાખશે આનો અર્થ એવો થાય કે ફરજમાં જરા પણ બેદરકારી રાખશો તો આ દુનિયાના સ્પર્ધાત્મક યુગમાં તમારૂ પત્તુ કપાઈ જશે. આજનું કામ આવતીકાલ પર મુલતવી રાખશો તો કામનો ઢગલો વધતો જશે અને તમે તેને પહોંચી નહી વળો. માટે પોતાની ફરજમાં કે પોતાએ કરવાના કામમાં જરા પણ ઢીલ મૂકશો નહીં, નહીં તો આજના ઝડપી યુગમાં તમે પાછળ રહી જશો.

મકરસંક્રાંતિનું બીજું અને અત્યંત મહત્વનું પાસું છે દાનપુણ્ય. શાસ્ત્રોમાં આ દિવસને દાન માટે વિશેષ ફળદાયક માનવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે મકરસંક્રાંતિના દિવસે કરેલું દાન અનેકગણું પુણ્ય આપે છે. તેથી લોકો અન્નદાન, વસ્ત્રદાન, તલ-ગોળનું દાન, ગરમ કપડાં અને કમ્બલનું વિતરણ કરે છે. ખાસ કરીને ગરીબો, વૃદ્ધો અને જરૂરિયાતમંદોની સેવા કરવી એ આ દિવસની મુખ્ય ભાવના છે. તલ અને ગોળનું વિશેષ મહત્ત્વ મકરસંક્રાંતિ સાથે જોડાયેલું છે. તલમાં ઊર્જા અને ગોળમાં મીઠાશ છે.


"તલ ગોળ લો અને મીઠું મીઠું બોલો" એવો સંદેશ સમાજમાં સૌહાર્દ, પ્રેમ અને મીઠાશ જાળવવાની પ્રેરણા આપે છે. આ પરંપરા માત્ર ખાવાની નથી, પરંતુ મનમાંથી કડવાશ દૂર કરીને સંબંધોમાં મીઠાશ લાવવાની શીખ આપે છે. મકરસંક્રાંતિનું દાન માત્ર ધાર્મિક કર્મ નથી, પરંતુ સામાજિક ફરજ પણ છે. આ દિવસે કરેલું દાન માનવમાં સંવેદનશીલતા જગાવે છે. પોતાની ખુશી સાથે બીજાના દુઃખ દૂર કરવાનો પ્રયાસ કરવો એ જ સાચું પુણ્ય છે. પતંગોત્સવની મોજમાં પણ જો આપણે આસપાસના જરૂરિયાતમંદોને યાદ કરીએ, તો આ તહેવારનું સાચું મહાત્મ્ય ઉજાગર થાય છે. આ તહેવાર આપણને સંદેશ આપે છે કે ઉત્સવ અને ઉદારતા સાથે સાથે ચાલે. ફક્ત આનંદ માણવો પૂરતો નથી, પરંતુ સમાજ પ્રત્યે આપણી જવાબદારી પણ સમજવી જરૂરી છે. મકરસંક્રાંતિના દિવસે કરેલી નાની મદદ પણ કોઈના જીવનમાં મોટી રાહત બની શકે છે. તેથી આ દિવસ માનવતા, સહકાર અને પરોપકારની ભાવનાને મજબૂત કરે છે.

આજના આધુનિક સમયમાં પણ મકરસંક્રાંતિનું મહત્ત્વ ઓછું થયું નથી. ટેક્નોલોજી અને વ્યસ્ત જીવન વચ્ચે પણ આ તહેવાર આપણને પ્રકૃતિ સાથે જોડે છે. આકાશ, સૂર્ય, પવન અને ધરતી-આ ચારેય તત્વોની હાજરી મકરસંક્રાંતિમાં અનુભવાય છે. પતંગ ઉડાવતાં આપણે ખુલ્લા આકાશ સાથે જોડાઈએ છીએ અને દાન કરતા માનવતાની ધરતી સાથે. અંતે એવું કહી શકાય કે મકરસંક્રાંતિ એ આનંદ અને આત્મશુદ્ધિનો સંગમ છે. પતંગોત્સવ જીવનમાં ઉત્સાહ અને રંગ ભરે છે, તો દાનપુણ્ય દ્વારા આત્માને સંતોષ અને શાંતિ મળે છે.

આ તહેવાર આપણને શીખવે છે કે ઉંચાઈ સુધી પહોંચવું જેટલું મહત્વનું છે, એટલું જ મહત્વનું છે જમીન સાથે જોડાયેલા રહેવું. મકરસંક્રાંતિના આ પવિત્ર દિવસે જો આપણે આનંદ સાથે પરોપકારને પણ જીવનમાં સ્થાન આપીએ, તો આ પર્વનું સાચું સાર્થક્ય સિદ્ધ થાય છે.

**સૂર્યનારાયણની ઉત્તર તરફની ગતિ એટલે ઉત્તરાયણ. આ દિવસે સૂર્ય ગતિ કરતો નથી પરંતુ પૃથ્વીની પોઝીશનમાં ફેરફાર થાય છે અને આપણને સૂર્ય ઉત્તર તરફ જતો હોય તેવો આભાસ થાય છે હકીકતમાં તે પૃથ્વીની ગતિ છે સૂર્યની નથી, સૂર્ય સ્થિર છે. સાથોસાથ આ દિવસે પતંગોત્સવ પણ છે.**

## શબ્દ સંજોગ- ૨૧૩૨



**આડી ચાવી :**
(૧) એક પુષ્પ (૩)
(૩) નિવાસ સ્થાન, સદન (૩)
(૬) એક પ્રાણી (૩)
(૭) એક પેટાઋતુ (૩)
(૮) પતિ, કાંત (૩)
(૧૦) એક પશુ (૨)
(૧૧) એક તૈલી બી (૨)
(૧૨) વિના, સિવાય (૩)
(૧૪) એક રાશિ (૩)
(૧૬) થોડીક...રાખો, આવડશે જ (૪)
(૨૧) કક્ષા, શ્રેણી (૨)
(૨૨) લાજ, લજ્જા (૩)
(૨૩) નજર સામે રાખેલુ, હાજર કરેલુ (૨)
(૨૪) ...કરતા ઘાડ પડી (૩)
(૨૫) થાક ખાવાની જગા (૩)
(૨૬) કામ (૨)
(૨૭) પર્વત, ઝાડ (૨)

**ઉભી ચાવી :**
(૧) નિયમિત..કરવાથી આરોગ્ય સારુ રહે છે (૪)
(૨) એક કંદ (૩)
(૩) ભગવાન સૌનુ... કરો (૨)
(૪) જવાહરલાલ.... (૩)
(૫) દરજી પાસે લગાવો (૩)
(૯) દાઝ્યા પાસે આ તો હોય જ (૩)
(૧૦) લગ્ન પૂર્વે એક મંગળ વિધિ (૩)
(૧૨) પતિ, ધણી (૨)
(૧૩) કાળો-ચીકણો ઠરેલો કાદવ (૨)
(૧૫) કસોટી (૨)
(૧૭) લોહી, રુધિર (૨)
(૧૮) ભાષાંતર, અનુવાદ (૪)
(૧૯) એક ગુજરાતી મહિનો (૩)
(૨૦) એક હિંદી મૂવી કલાકાર : .....જોશી (૪)
(૨૨) બાણ, તીર (૨)
(૨૩) ઘોડેસવાર પલટન (૩)
(૨૪) નીતિ, સદાચાર વિશેનું જ્ઞાન (૨)

## શબ્દ સંજોગ-૨૧૩૧ જવાબ

**આડી ચાવી:** (૧) યામિની (૩) વડવાઈ (૬) રમણ (૭) માજન (૮) ભેદ (૯) જરા (૧૧) બલા (૧૩) ગલ (૧૬) દડમજલ (૧૯) ટાપસી (૨૧) વકરણ (૨૪) ખચીત (૨૫) છત (૨૭) નદ (૨૮) મકર (૨૯) વન (૩૦) ણીરમય(રમણીય).

**ઉભી ચાવી:** (૧) યાદ (૨) નીરદ (૩) વણજ (૪) વામા (૫) ઈજન (૮) ભેલાડ (૧૦) રાગ (૧૧) બદર (૧૨) ભોજ (૧૪) લટાર (૧૫) વાસી (૧૭) મર્મ (૧૮) લવચીક (૨૦) પણછ (૨૨) કતરણી (૨૩) કંદન (૨૪) ખમણ (૨૬) તન્મય (૨૭) નવ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૬૨૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૪૩ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૧૫ |
| તુવેર | ૯૩૦ | ૧૪૮૦ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૦૯૫ |
| ચણા સફેદ | ૧૧૭૦ | ૧૯૪૧ |
| અડદ | ૮૮૦ | ૧૫૨૦ |
| મગ | ૧૦૨૫ | ૧૮૫૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૬૩૦ |
| મઠ | ૧૦૦૦ | ૨૧૧૧ |
| વટાણા | ૩૦૧ | ૧૨૩૪ |
| કળથી | ૩૫૦ | ૫૦૪ |
| રાજમા | ૫૫૫ | ૧૫૯૦ |
| તલી | ૧૫૫૦ | ૨૦૦૧ |
| એરંડા | ૧૦૫૧ | ૧૨૫૯ |
| સોયાબીન | ૮૮૧ | ૯૬૯ |
| કાળા તલ | ૩૪૨૦ | ૫૦૨૫ |
| લસણ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૨૨૦ | ૧૮૯૫ |
| મરચા સુકા | ૨૭૦૦ | ૪૩૫૦ |
| ધાણી | ૧૩૮૦ | ૧૯૪૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૩૮૧૧ | ૪૨૦૦ |
| રાય | ૮૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૩૪ |
| અશેરીયો | ૧૧૬૫ | ૧૧૬૫ |
| રાયડો | ૭૦૦ | ૭૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૭૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૨૧ | ૫૧૪ |
| પપૈયા | ૮૯ | ૧૨૯ |
| બટેટા | ૧૧૯ | ૩૫૩ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૪૫ |
| ટમેટા | ૪૪૧ | ૬૮૦ |
| સુરણ | ૬૮૩ | ૭૯૧ |
| કોથમરી | ૧૪૪ | ૨૦૧ |
| મુળા | ૨૫૯ | ૩૬૪ |
| રીંગણા | ૨૨૭ | ૪૦૩ |
| કોબીજ | ૭૪ | ૧૧૨ |
| ફ્લાવર | ૨૧૫ | ૪૧૧ |
| ભીંડો | ૬૦૧ | ૧૦૦૪ |
| ગુવાર | ૧૧૭૮ | ૧૫૯૭ |
| ચોળાસીંગ | ૭૫૬ | ૧૦૨૬ |
| વાલોળ | ૪૦૨ | ૬૨૩ |
| ટીંડોળા | ૪૨૩ | ૭૫૪ |
| દુધી | ૨૫૧ | ૪૧૧ |
| કારેલા | ૬૧૭ | ૭૮૮ |
| સરગવો | ૧૦૩૫ | ૧૬૦૧ |
| તુરીયા | ૧૦૦૭ | ૧૩૮૧ |
| પરવર | ૧૩૭૯ | ૧૭૦૭ |
| કાકડી | ૫૭૧ | ૯૮૭ |
| ગાજર | ૧૯૭ | ૩૫૬ |
| વટાણા | ૩૮૯ | ૪૭૩ |
| તુવેરસીંગ | ૪૩૫ | ૬૧૭ |
| ગલકા | ૬૫૨ | ૮૧૩ |
| બીટ | ૧૦૩ | ૨૭૧ |
| મેથી | ૧૫૩ | ૨૧૮ |
| વાલ | ૪૮૨ | ૭૩૪ |
| ડુંગળી લીલી | ૨૮૧ | ૪૦૨ |
| આદુ | ૯૦૭ | ૧૧૦૨ |
| ચણા લીલા | ૧૨૯ | ૩૬૯ |
| મરચા લીલા | ૬૦૩ | ૭૭૯ |
| હળદર લીલી | ૫૧૧ | ૫૯૮ |
| લસણ લીલું | ૫૮૭ | ૯૧૧ |
| મકાઇ લીલી | ૨૩૯ | ૩૭૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૬૩૬ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૫૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૩૪ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૨૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૬૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૬ | ૧૩૩૧ |
| જીરૂ | ૨૩૫૧ | ૪૨૦૧ |
| ક્લંજી | ૧૨૦૧ | ૪૭૨૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૩૬ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૬૯૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૩૫૧ |
| અડદ | ૯૦૦ | ૧૪૧૧ |
| મઠ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૦૩૧ | ૧૪૯૧ |
| રાય | ૧૫૨૬ | ૧૭૧૧ |
| મેથી | ૭૭૬ | ૧૧૫૧ |
| કાંગ | ૩૬૧ | ૬૦૧ |
| મરચા | ૧૧૫૧ | ૫૨૫૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૩૬ |
| નવા ધાણા | ૧૮૭૧ | ૨૦૭૬ |
| નવી ધાણી | ૧૦૦૧ | ૨૧૭૬ |
| નવું જીરૂ | ૩૭૦૧ | ૭૦૨૬ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૧૯૫૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૫૬૬ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૧૦૧ |
| ધાણી | ૧૨૦૧ | ૧૯૭૧ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૩૪૬ |
| બાજરો | ૩૫૧ | ૪૯૧ |
| જુવાર | ૫૫૧ | ૯૯૧ |
| મકાઇ | ૩૩૧ | ૪૦૧ |
| મગ | ૯૭૬ | ૧૮૬૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| વાલ | ૬૭૬ | ૮૭૧ |
| ચોળા / ચોળી | ૩૭૬ | ૪૦૧ |
| સોયાબીન | ૭૮૧ | ૯૭૧ |
| ગોગળી | ૧૧૦૦ | ૧૧૯૧ |
| વટાણા | ૮૫૧ | ૧૦૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૮૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૬૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૮૦ | ૮૦૦ |
| ગાજર | ૧૪૦ | ૪૪૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| શેરડી | ૧૬૦ | ૨૦૦ |
| ચૂણ | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૩ | ૭ |
| સરગવો પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૨૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૪૦ |
| લસણ પુરા | ૨ | ૫ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૪૧૫ |
| શીંગ ગીરનાર | ૧૧૦૦ | ૧૪૨૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૩૫ |
| શિંગદાણા | ૧૪૪૦ | ૧૬૦૫ |
| શિંગફાડા | ૧૪૯૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૧૮૦ | ૨૨૯૫ |
| તલ કાળા | ૧૭૯૦ | ૪૭૦૦ |
| તલ કાશમીરી | ૧૯૦૦ | ૨૨૪૫ |
| જુવાર | ૪૪૫ | ૯૦૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૭૦ |
| મગ | ૧૦૧૫ | ૧૭૦૦ |
| અડદ | ૭૫૦ | ૧૪૫૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૧૦ |
| સફેદ ચણા | ૯૮૦ | ૧૧૨૦ |
| છોલે ચણા | ૧૭૮૦ | ૧૭૮૦ |
| તુવેર | ૧૦૬૫ | ૧૪૬૫ |
| કપાસ | ૯૭૫ | ૧૬૬૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| જીરૂ | ૨૯૦૫ | ૪૨૬૦ |
| રાય | ૧૭૭૦ | ૧૮૬૦ |
| ધાણા | ૧૪૫૫ | ૧૮૬૦ |
| અજમા | ૧૮૨૦ | ૧૮૨૦ |
| મેથી | ૯૪૫ | ૧૦૧૦ |
| સોયાબીન | ૮૫૦ | ૯૭૫ |
| મરચા લાંબા | ૧૦૧૦ | ૪૭૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૧૦ | ૪૧૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૧૦ | ૫૧૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૧૦ | ૮૧૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૨૦ | ૩૨૦ |
| કાકડી | ૩૧૦ | ૫૧૦ |
| ગુવાર | ૮૭૦ | ૧૬૨૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૪૦૦ | ૫૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૦૦૦ |
| હળદળ લીલી | ૪૨૦ | ૮૨૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફોદીનો | ૬૨૦ | ૭૨૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૫૦૦ |
| મરચાં લાલ | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૮૧૦ | ૧૦૧૦ |
| લસણ સુકું | ૮૦૦ | ૧૭૦૦ |
| પાલક | ૪૧૦ | ૫૧૦ |
| લીબુ | ૨૦૦ | ૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૧૬૭૬ | ૨૧૦૩ |
| તલ કાળા | ૩૦૦ | ૪૬૬૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૦ |
| બાજરો | ૩૩૦ | ૬૭૦ |
| જુવાર | ૫૦૦ | ૯૫૦ |
| મકાઈ | ૩૩૦ | ૫૨૧ |
| મગ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૮૭૦ | ૧૦૧૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૮૧ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૦૧ |
| સોયાબીન | ૮૫૦ | ૯૫૨ |
| અજમા | ૧૪૦૦ | ૨૦૦૨ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૦૧૦ | ૧૪૬૧ |
| મગફળી | ૯૯૧ | ૧૩૨૧ |
| ઘઉં | ૪૮૬ | ૫૦૯ |
| ચણા | ૯૮૬ | ૯૮૬ |
| છોલે ચણા | ૧૭૧૧ | ૧૭૧૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૭૧૧ |
| અડદ | ૯૦૦ | ૯૦૦ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૩૧ |
| શીંગ દાણા | ૧૩૫૬ | ૧૪૨૫ |
| શીંગ ફાડા | ૧૪૪૬ | ૧૪૪૬ |
| બાજરો | ૪૧૧ | ૪૧૧ |
| સોયાબીન | ૬૦૧ | ૯૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૩૪ |
| ઘઉ ટુકડા | ૫૦૭ | ૫૨૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૬૫ |
| અડદ | ૭૦૦ | ૧૩૬૦ |
| સોયાબીન | ૮૧૦ | ૯૮૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| શીંગ દાણા | ૧૨૬૦ | ૧૩૮૦ |
| લસણ | ૭૦૫ | ૧૦૫૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૯૬૦ | ૧૦૦૭ |
| તલ સફેદ | ૧૪૩૦ | ૧૮૫૫ |
| જીરૂ | ૩૮૪૦ | ૩૮૪૦ |
| જુવાર | ૨૮૦ | ૪૨૫ |
| એરંડી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| તલ કાળા | ૨૦૩૦ | ૨૦૩૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૧ | ૧૨૭૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૮૦ |
| તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૬૦૧ |
| બાજરો | ૨૮૦ | ૩૮૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૨ |
| જુવાર | ૭૦૧ | ૯૫૧ |
| મગ | ૯૪૦ | ૨૭૨૫ |
| મઠ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૭૧ |
| ચણા | ૫૦૦ | ૧૨૭૬ |
| સોયાબીન | ૭૭૬ | ૯૧૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૩૫ |
| કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| મગફળી | ૧૧૧૫ | ૧૩૬૫ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૧૯૭૦ |
| જીરૂ | ૩૨૨૫ | ૪૧૮૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ચણા | ૮૮૮ | ૫૩૫ |
| અડદ | ૮૪૦ | ૧૨૩૦ |
| તુવેર | ૯૧૫ | ૧૩૭૫ |
| સોયાબીન | ૭૩૫ | ૯૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૧૧ |
| તુવેર | ૮૫૧ | ૧૨૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૬૧ |
| શીંગ ફાડા | ૧૧૦૧ | ૧૩૨૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૬૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| શીંગ ૩૯ | ૧૧૪૫ | ૧૨૬૯ |
| શીંગ ગીરનાર | ૧૧૪૦ | ૧૩૨૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૮૦ | ૧૩૬૪ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| જુવાર | ૩૭૧ | ૯૦૦ |
| બાજરી | ૨૭૨ | ૯૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૩ | ૬૧૫ |
| મકાઈ | ૧૫૧ | ૫૫૬ |
| અડદ | ૮૬૭ | ૧૨૩૭ |
| મગ દેશી | ૩૯૯ | ૨૫૬૧ |
| સોયાબીન | ૭૪૯ | ૯૮૧ |
| ચણા | ૬૨૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૪૦૨ | ૨૦૭૬ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૪૩૪ |
| તુવેર | ૪૦૦ | ૧૩૯૬ |
| ધાણા | ૯૯૦ | ૯૯૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૩૫૭ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૪૦૯ |
| કપાસ શંકર | ૧૦૦૯ | ૧૫૦૬ |
| નાળીયેર | ૭૫૦ | ૧૯૯૩ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૩૮૪ |
| મગફળી ૩૨ | ૧૦૭૦ | ૧૩૭૪ |
| બાજરો હાઈબ્રીડ | ૩૨૫ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૧૪ |
| જુવાર | ૬૦૦ | ૯૭૬ |
| અડદ | ૭૦૦ | ૧૫૪૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૧૮ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૧૯૧૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૫૦૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૮૮ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૬૧૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૪૬ |
| જુવાર સફેદ | ૯૯ | ૯૯ |
| સફેદ તલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૪૦૫૧ | ૪૦૫૧ |
| સોયાબીન | ૯૧૧ | ૯૮૦ |
| મકાઈ | ૪૩૦ | ૫૦૦ |
| બાજરો | ૩૫૧ | ૫૬૧ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૫૮૨ | ૫૮૨ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### જિલ્લા કક્ષાએ કુસ્તી ગેમમાં ૨૨ મેડલ મેળવ્યા

# ખેલ મહાકુંભમાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાએ સિદ્ધિ મેળવી

અમરેલી, તા.૧૨

ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાની અંન્ડર-૧૪, ૧૭ અને ઓપન એજ ભાઈઓ-બહેનો કુસ્તી ગેમની ચેમ્પિયનશીપનું આયોજન લાઠી મુકામે થયું હતું. જેમાં અલગ-અલગ તાલુકાના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના ખેલાડીઓએ અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવેલ. સંસ્થાના ખેલાડીઓએ કુલ ૧૪ સુવર્ણ પદક, ૬ રજત પદક અને ૨ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા છે. આ ખેલાડીઓમાં ૧) ધાંધલા વિધિ ૪૦ કિલો U-૧૭, ૨) પેથાણી કાવ્યા ૩૬ કિલો U-૧૪, ૩) ચૌહાણ પૂજા ૪૩ કિલો U-૧૭, ૪) ચારણીયા પ્રથા ૪૬ કિલો U-૧૭, ૫) પંડ્યા રુદ્રિકા ૪૯ કિલો U-૧૭, ૬) અજાણી જેની ૫૩ કિલો U-૧૭, ૭) ડાભી હિતેશ સુરેશભાઈ -૩૮ કિલો U-૧૪, ૮) મજેઠીયા દક્ષ




નાનુભાઈ ૩૫ કિલો U-૧૪, ૯) ચૌહાણ જયરાજ કિરીટભાઈ-૪૦ કિલો U-૧૪, ૧૦) પટણી અરમાન સાજીદભાઈ ૬૦ કિલો U-૧૭, ૧૧) નંદવાણા રવિરાજ જગદીશભાઈ ૫૫ કિલો U-૧૭, ૧૨) મકવાણા હાર્દિક રમેશભાઈ ૪૫ કિલો U-૧૭, ૧૩) મકવાણા આરદીપ અશોકભાઈ ૬૩ કિલો-ઓપન એજ ૧૪) જેઠવા સુખદેવ જીલુભાઈ ૫૫ કિલો ઓપન એજ સુવર્ણ પદક પ્રાપ્ત કરેલ, તેમજ ૧) માલમ નંદની લાલજીભાઈ ૩૩ કિલો U-૧૪, ૨) કાનાણી ત્રિશા સંજયભાઈ ૨૯ કિલો U-૧૪, ૩) ડાભી સાનવી ઘનશ્યામભાઈ ૩૬ કિલો U-૧૪, ૪) દવે વિશ્વા ૪૯ કિલો U-૧૭, ૫) જતાપરા હિના ૫૩ કિલો U-૧૭, ૬) મેણીયા કલ્પેશ વલ્લભભાઈ ૪૫ કિલો U-૧૭ રજત પદક પ્રાપ્ત કરેલ અને ૧) લાખાણી આરુષિ શૈલેષભાઈ ૩૩ કિલો U-૧૪, ૨) ચૌહાણ સાનવી રાજેશભાઈ ૪૦ કિલો U-૧૪ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ, ટ્રેનર-કૃપા ચૌહાણને અભિનંદન પાઠવ્યા હતા.

# ધોરાજીમાં બે દિવસમાં ભૂકંપના ૧૦ આંચકા આવતા પાલિકા તંત્ર હરકતમાં

**જર્જરિત ઈમારતો તોડી પાડવા સૂચના અપાઈ**

ધોરાજી, તા.૧૨

ધોરાજી વિસ્તારમાં બે દિવસમાં ભૂકંપના ૧૦થી વધુ ઝટકા અનુભવાતા નગરપાલિકા તંત્ર સફાળું જાગ્યું છે. સંભવિત ખતરાને ધ્યાને લઈ પાલિકાએ જાહેર માર્ગો પર રેડિયો માઈક ફેરવી નાગરિકોને જૂની અને જર્જરિત ઈમારતોથી દૂર રહેવા ચેતવણી આપી છે. જોખમી મિલકત ધારકોને મકાનો જાતે તોડી પાડવા માટે સૂચના અને નોટિસ પાઠવવામાં આવી છે. જોકે, અગાઉ પણ નોટિસ અપાઈ હોવા છતાં અનેક બંધ અને જર્જરિત ઈમારતોની સ્થિતિ જૈસે થે રહેતા તંત્રની કામગીરી પર સવાલો ઉઠ્યા છે. ભાડૂઆતનો કબજો દૂર કરવા મકાન માલિકો નોટિસનો સહારો લેતા હોવાની ચર્ચા પણ છે. મોટા અકસ્માતો નિવારવા નક્કર કાર્યવાહી જરૂરી છે.

# સુરત ખાતે વેકરીયા પરિવારનું ૧૨મું સ્નેહમિલન યોજાયું

**મંત્રી કૌશિકભાઇ વેકરીયા અને અંજુબેન વેકરીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા**

સુરત, તા.૧૨

સુરત ખાતે સમસ્ત વેકરીયા પરિવારનું ૧૨મું સ્નેહમિલન ભવ્ય માહોલમાં યોજાયું હતું. રાજ્યના મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને અંજુબેન વેકરીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ગુજરાતમાંથી ૭૫૦૦થી વધુ પરિવારજનો એકઠા થયા હતા, જે પરિવારની એકતાની મિસાલ છે. આ સ્નેહમિલનમાં સમાજસેવાના ઉત્તમ ઉદાહરણરૂપે આઠ યુગલોના સમૂહલગ્ન, ૧૫૧ યુનિટ રક્તસંગ્રહ સાથે બ્લડ




ડોનેશન કેમ્પ, ઓર્ગન ડોનેશન સંકલ્પ, હેલ્થ ચેકઅપ અને બિઝનેસ એક્સ્પોનું આયોજન થયું હતું. વિદ્યાર્થી સન્માન, વડીલ સન્માન અને ઈનામ વિતરણ પણ કરાયું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પરિવારજનોને એકબીજાના વ્યવહારોથી નજીક લાવવાનો અને બાળકોમાં સંસ્કાર, અભ્યાસ તેમજ રાષ્ટ્રસેવાના બીજનું રોપણ કરવાનો હતો. દીપપ્રાગટ્ય બાદ પ્રકાશકુમાર વેકરીયા દ્વારા મહા શંખનાદ સાથે ભારતીય સંસ્કૃતિ અનુસાર કાર્યક્રમનો પ્રારંભ થયો. લાખોની રકમનું દાન અને સમાજહિતના કાર્યો માટે શપથ લેવાયા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સામૂહિક ભોજન અને ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઉના નજીક વાડી વિસ્તારમાં સિંહ પરિવારે ધામા નાખ્યા: ૨ સિંહણ અને ૪ બચ્ચાં કલાકો સુધી ખુલ્લામાં બેસી રહ્યા

ઉના,તા.૧૨

ઉના પંથકમાં ગીર જંગલની નજીક આવેલા વાડી વિસ્તારોમાં સિંહ પરિવારોનો વસવાટ વધી રહ્યો છે. ઉનાથી માત્ર ૬ કિલોમીટર દૂર આવેલી એક વાડીમાં ૨ સિંહણ અને તેના ૪ બચ્ચાં કલાકો સુધી ખુલ્લામાં બેઠેલા જોવા મળ્યા હતા. સવારના સમયે આ સિંહ પરિવાર શાંતિથી બેઠો હતો, જાણે તેમને માનવ વસાહતનું વાતાવરણ અનુકૂળ આવી ગયું હોય તેમ લાંબા સમય સુધી ત્યાં જ અડીંગો જમાવી રાખ્યો હતો. આ ઘટના દર્શાવે છે કે સિંહો હવે જંગલ છોડીને ગ્રામ્ય


તસવીર : કૈલાશ ભટ્ટ

વિસ્તારોમાં વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. જોકે, આ દ્રશ્ય સ્થાનિક લોકો માટે આશ્ચર્યજનક અને ભયજનક બંને હતું. સિંહ પરિવાર ઘણા દિવસોથી આ વિસ્તારમાં વસવાટ કરી રહ્યો હોવાથી ખેડૂતોમાં ભયનો માહોલ છે. સિંહ પરિવારના મુકામને કારણે ખેડૂતો તેમના માલઢોરને ચરાવવા લઈ જઈ શકતા નથી. ઉપરાંત, સિંહના ડરથી શ્રમિકો પણ કામ પર આવવાનું ટાળી રહ્યા હોવાથી ખેતીના કામો પર માઠી અસર પડી રહી છે. વનવિભાગ માટે પણ આ સ્થિતિ પડકારજનક બની છે, કારણ કે જો સિંહ કોઈ વિસ્તારમાં વારંવાર જોવા મળે તો પણ તેમને સીધા પાંજરે પૂરી શકાતા નથી.

# આજે ૧૨૦૦ યાત્રિકોનો ’છરી પાલિત સંઘ’ સાવરકુંડલા પહોંચશે

સાવરકુંડલા, તા.૧૨

આજે ગિરનારી તીર્થ (જૂનાગઢ) થી શાશ્વત તીર્થ શત્રુંજય (પાલીતાણા) તરફ જઈ રહેલો ૧૨૦૦ યાત્રિકોનો વિશાળ ચતુર્થ છરી પાલિત સંઘ સાવરકુંડલા પહોંચશે. પૂજ્ય આચાર્યદેવશ્રી મદવિજય રવિશેખર સુરીશ્વરજી મહારાજ સાહેબ અને સાધુ-સાધ્વીજી ભગવંતો સાથેનો આ સંઘ નેસડી પડાવથી સાવરકુંડલા



જૈન દેરાસરમાં બિરાજમાન ધર્મનાથ દાદાના દર્શન-પૂજા કરી આગળના પડાવ પીઠવડી મુકામે પ્રયાણ કરશે. સંઘપતિનો લાભ શા. કિશોરકુમાર મીઠાલાલજી ભસાણી પરિવારે લીધેલ છે. જૈન ધર્મમાં મહત્ત્વપૂર્ણ ગણાતા આ સંઘમાં પ્રતિદિન ૧૪ થી ૧૬ કિલોમીટરની પદયાત્રા થાય છે. દિવસ દરમિયાન પરમાત્મભક્તિના અનુષ્ઠાનો અને જૈનાચાર્યના પ્રવચન સહિત ધર્મ આરાધના ચાલી રહી છે, જે ધર્મ પ્રત્યેની ભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

# ધોરાજીમાં સૈયદ મુસ્તુફા બાવા શિરાજીના ઉર્સ નિમિત્તે મેડિકલ કેમ્પ યોજાયો

ધોરાજી, તા.૧૨

ધોરાજી ખાતે સૈયદ અલ્હાજ હાજી મુસ્તુફા બાવા શિરાજીના ઉર્સ મુબારકની ઉજવણી કોમી એકતાના માહોલમાં કરવામાં આવી હતી. આ નિમિત્તે તા. ૧૧ જાન્યુઆરીના રોજ કયુમ બાવા શિરાજી, મોઈન બાવા શિરાજી અને ડાડા બાવા શિરાજી દ્વારા ધોરાજી સિવિલ હોસ્પિટલના સહયોગથી ભવ્ય મેગા મેડિકલ કેમ્પનું આયોજન થયું. સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. જયેશ વસેટીયન અને



રેન્જ ફોરેસ્ટ ઓફિસર નિહારિકા પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નિષ્ણાંત ડોક્ટરોએ ૩૦૦ જેટલા દર્દીઓનું નિદાન કરી વિનામૂલ્યે દવા આપી હતી.

# મોટા ગોખરવાળા ગામ નજીક ભૂંગળામાં ફસાયેલા બે સિંહબાળનું રેસ્ક્યુ કરાયું

અમરેલી,તા.૧૨

લીલીયા રેન્જમાં આવેલા મોટા ગોખરવાળા ગામ નજીક એક કેનાલના ભૂંગળામાં ફસાયેલા બે સિંહબાળનું વન વિભાગે સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. સ્થાનિક ખેડૂતની સમયસરની જાણકારીના આધારે વન વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. વન્યજીવ રેન્જના સ્ટાફે ગંભીરતા અને સંવેદનશીલતા દાખવીને



તમામ સુરક્ષા વ્યવસ્થાઓ સાથે કુશળતાપૂર્વક ઓપરેશન પાર પાડ્યું. સિંહબાળને ભૂંગળામાંથી સુરક્ષિત બહાર કાઢી, કોઈપણ ઈજા ન થાય તે માટે તાત્કાલિક પિંજરામાં રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને તેમની માતા સાથે મિલન કરાવવામાં આવ્યું હતું.

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજની વિદ્યાર્થિની સરપદડિયા રાધિકાની રાજ્ય કક્ષાની NSS PRE-RD પરેડમાં પસંદગી

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી માટે ગૌરવની બાબત સામે આવી છે. કોલેજની T.Y.B.A. માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સરપદડિયા રાધિકા વિષ્ણુભાઈની રાજ્ય




કક્ષાએ પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે યોજાનાર NSS PRE-RD માં પસંદગી કરવામાં આવી છે. રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો કાર્યક્રમ વાવ-થરાદ ખાતે યોજાવા જઈ રહ્યો છે. જ્યાં તારીખ ૧૫/૦૧/૨૦૨૫ થી ૨૬/૦૧/૨૦૨૫ સુધી યોજાનાર કાર્યક્રમમાં આ વિદ્યાર્થિની ભાગ લેશે. આ સિલેક્શન માટે કોલેજના NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિરૂપાબેન ટાંકની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી અને તેમણે રાધિકાને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થિનીની આ અનેરી સિદ્ધિ બદલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જી.વી. વેલિયત, ટ્રસ્ટીઓ તથા સમગ્ર કોલેજ પરિવારે તેને બિરદાવી હતી અને અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

# વડિયામાં SPL-૨૦૨૬ ક્રિકેટ ટુર્નામેન્ટ : આદિત્ય ઈલેવનનો વિજય

વડિયા, તા.૧૨

અમરેલી જિલ્લાના વડિયા ખાતે આવેલી શ્રી સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલમાં ૧૯૮૦થી યોજાતી વિદ્યાર્થી ક્રિકેટ ટુર્નામેન્ટ કોરોના બાદ આ વર્ષે ફરી શરૂ થઈ. SPL-૨૦૨૬ (શ્રી સુરગવાળા પ્રીમિયર લીગ)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. છ ટીમો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટની



ફાઈનલ મેચ અથર્વ ઈલેવન અને આદિત્ય ઈલેવન વચ્ચે યોજાઈ હતી. ફાઈનલ મેચનો પ્રારંભ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મામલતદાર કેજર સિંધી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રોમાંચક ફાઈનલમાં શિક્ષક કિરીટ જોટવની ટીમ ’આદિત્ય ઈલેવન’નો ભવ્ય વિજય થયો હતો, અને વિજેતા વિદ્યાર્થીઓએ ગ્રાઉન્ડમાં ટ્રોફી સાથે જીતની ઉજવણી કરી હતી. બાવકુ ઊંધાડે વિદ્યાર્થીઓને મોબાઈલ યુગમાં શારીરિક સશક્ત બનવા મેદાની રમતો રમવા અનુરોધ કર્યો હતો.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ શ્રી રંજનબેન મહેશભાઈ હેલૈયાએ અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં ચિતલરોડ રસ્તે આવેલ બીનખેડવાણ જમીન પ્લોટ મિલ્કત જે રે.સ.ન.૨૯ પૈકી, ૩૦ પૈકી પ્લોટ નં.૧ થી ૫/૫ તેના ચો.મી-૩૯.૩૮ છે. જે હાસ ઈન્ફ્રાટેક પ્રા. લી તરફે ડાયરેકડર હિંમતભાઈ આણંદજીભાઈ સોળીયા પાસેથી નોટરાઈઝ બાનાખત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ સીરીયલ નં.૮૯૨૯ થી કરી ખરીદવા માંગે છે. સદરહુ પ્લોટ મિલ્કત વાળી જમીનના મુળ માલીક પોપટભાઈ દેવરાજભાઈ ગજેરાની હતી ત્યારબાદ તેઓ પાસેથી પ્લોટ નં.૩ થી ૫ નંબરના પ્લોટો ત્રંબકલાલ શામજીભાઈ મહેતા તા.૧૦/૧૦/૧૯૮૬ના રોજ અનુ.નં.૧૪૦૬થી વેચાણ રાખેલ હતા ત્યારબાદ પોપટભાઈ દેવરાજભાઈ ગજેરા પાસેથી ડો. વાસંતીબેન કીરીટભાઈ જોષીએ રજી.વે.દ.નં.૮૮થી પ્લોટ નં.૧ તથા ૨ સહીતના કુલ પ્લોટ નં.૧૮ તા. ૦૬/૦૧/૧૯૮૮ના રોજ વેચાણ રાખેલ હતા. ત્યારબાદ ડો.વાસંતીબેન કીરીટભાઈ જોષી પાસેથી તેઓના કુલ મુખત્યાર જીનેશ બિપીનચંદ્ર મહેતા દવારા તા.૦૪/૦૫/૨૦૧૨ના રોજ રજી.વે.દ.નં.૧૫૦૩ થી નિર્મળાબેન ત્રંબકભાઈ મહેતાએ પ્લોટ નં.૧ તથા ૨ ખરીદ કરેલ છે. ત્યારબાદ નિર્મળાબેન ત્રંબકભાઈ મહેતાએ વીલલેખ થી પ્લોટ નં.૧ તથા ૨ ના પ્લોટ બિપિનભાઈ ત્રંબકલાલ મહેતાને આપેલ હતા ત્યારબાદ ત્રંબકલાલ શામજીભાઈ મહેતાનું અવસાન થતા પેઢીનામું તથા વારસાઈ નાતે નિર્મળાબેન ત્રંબકભાઈ મહેતા વિગેરે ૪ના નામે પ્લોટ નં.૩ થી ૫ આવેલ ત્યારબાદ નિર્મળાબેન ત્રંબકભાઈ મહેતા તથા અન્ય બે પુત્રીઓએ પોતાનો હકક ઉઠાવી લેતા સદરહુ પ્લોટો બિપિનભાઈ ત્રંબકલાલ મહેતાના નામે આવેલ હતા અને તેઓ પાસેથી સદરહુ પ્લોટ નં.૧ થી ૫ તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ રજી.વે.દ.ન.૨૮૫૫ થી હાસ ઈન્ફ્રાટેક પ્રા. લી તરફે ડાયરેકડર રૂત્વીક હિંમતભાઈ સોળીયા ખરીદ કરેલ છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે અમારા ઉપરોક્ત અસીલ માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત વીલ લેખના આધારે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કત ઉપર અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોક્ત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હક્ક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ વીલ લેખ આધારે માલીકી ધરાવનાર વ્યક્તીની સામે કોઈ વ્યક્તિની વાંધા તકરાર ચાલતી હોય તો વીલ લેખના આધારે ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ ક્લીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરક્ત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોક્ત સમય વિત્યા બાદ તે અંગેની કંઈ પણ વાંધા તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૨/૦૧/૨૦૨૬
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.1/2026

પ્રતિ,
શ્રી સંદિપભાઈ જગુભાઈ કામળીયા,
રહે.નવી શેરી, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ શ્રી સંદિપભાઈ જગુભાઈ કામળીયાના દાદી સ્વ.ગંગાબેન લખમણભાઈ કામળીયાનું મરણ તારીખ 01/06/1957 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કોડીનારના સને.1957 ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## :: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી

જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે સવજીપરા રોડે આવેલ ટીકા નં. ૯/૨, સીટી સર્વે નંબર ૨૪/૧ ની કુલ ૩૬-૫૬ ચો.મી. વાળી મીલકત અદનાનભાઈ શરાફભાઈ ધબીડ ની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે તેમજ અમરેલી ગામે સવજીપરા રોડે આવેલ ટીકા નં. ૯/૨, સીટી સર્વે નંબર ૨૪/૪ ની કુલ ૩૮-૦૧ ચો. મી. વાળી મીલકત ફાતેમાબાઈ શરાફભાઈ ધબીડ ની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે. તેમજ અમરેલી ગામે સવજીપરા રોડે આવેલ ટીકા નં. ૯/૨, સીટી સર્વે નંબર ૧૬/૫ ની કુલ ૧૮-૮૪-૩૮ ચો. મી. વાળી અને ટીકા નં. ૯/૨, સીટી સર્વે નંબર ૨૪/૨ ની કુલ ૩૨-૧૫-૬૨ ચો. મી. વાળી મીલકત હોજેફા શરાફભાઈ ધબીડ ની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે. આ ઉપરોક્ત મીલક્તના ઉતરોતર દસ્તાવેજો પૈકી અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૨૯૭૩, તા. ૧૧/૧૨/૧૯૯૭ કે જે રાબીયાબેન એ. હમીદ મેમણ ની તરફેણનો છે. તેમજ અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૮૮૮, તા. ૨૭/૮/૨૦૦૨ કે જે હકુભાઈ જેઠસુરભાઈ ચૌહાણ વિગેરે -૨ તરફેણનો છે તે અસલ વેચાણ દસ્તાવેજ ખોવાઈ ગયેલ છે તેમજ અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૭૭૮, તા. ૫/૯/૨૦૧૦ કે જે શ્રી રામ કોર્પોરેશન અમરેલીની તરફેણનો છે તે અસલ વેચાણ દસ્તાવેજ ખોવાઈ ગયેલ છે. આ ત્રણેય દસ્તાવેજો ખોવાઈ ગયેલ છે તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૭ માં જાણ કરવા અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક-હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૭ ની અંદર અમારા નીચેના સરનામે રજૂ કરશો. આ ઉપરોકત મીલકત સંબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોક્ત મીલકત ટાઈટલ કલીયર છે તેવું માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૦/૦૧/૨૦૨૬
અમરેલી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી.
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

# બજેટ ૨૦૨૫-૨૬: રવિવાર હોવા છતાં ૧ ફેબ્રુઆરીએ સંસદ ગુંજશે, નાણામંત્રી રજૂ કરશે સતત ૯મું બજેટ

નવીદિલ્હી,તા.૧૨

સંસદીય પરંપરાઓમાં એક દુર્લભ ઘટનાક્રમમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કેન્દ્રીય બજેટ રવિવારે રજૂ કરવામાં આવશે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સોમવારે ઔપચારિક જાહેરાત કરી હતી કે નાણામંત્રી નિર્મલા સીતારમણ રવિવાર, ૧ ફેબ્રુઆરીના રોજ સંસદમાં બજેટ રજૂ કરશે. સંસદ સામાન્ય રીતે સપ્તાહના અંતે મળતી નથી, જેના કારણે રવિવારે બજેટ રજૂ થવું એ એક ઐતિહાસિક ક્ષણ બની જાય છે.

આ બજેટ નાણામંત્રી નિર્મલા સીતારમણ માટે પણ એક મોટી વ્યક્તિગત સિદ્ધિ હશે. આ તેમનું સતત નવમું બજેટ રજૂ થશે. આ સાથે, તેઓ ભૂતપૂર્વ નાણામંત્રી મોરારજી દેસાઈ દ્વારા સ્થાપિત સૌથી વધુ બજેટ રજૂ કરવાના રેકોર્ડની ખૂબ નજીક પહોંચી જશે. મોરારજી દેસાઈએ તેમના



કાર્યકાળ દરમિયાન કુલ ૧૦ બજેટ રજૂ કર્યા હતા, અને નિર્મલા સીતારમણ હવે તે ઐતિહાસિક આંકડાથી માત્ર એક ડગલું દૂર છે. ૨૮ જાન્યુઆરીથી શરૂ થતા બજેટ સત્ર દરમિયાન શું થશે?


સંસદના બજેટ સત્રનું સંપૂર્ણ સમયપત્રક પણ નક્કી કરવામાં આવ્યું છે. સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે.

રાષ્ટ્રપતિનું ભાષણ: સત્ર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણથી શરૂ થશે. તેઓ લોકસભા ચેમ્બરમાં લોકસભા અને રાજ્યસભાના સભ્યોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે.

# મારુતિ સુઝુકીનો ધડાકો: ગુજરાતમાં જમીન ખરીદી અને ઉત્પાદન વધારવા રૂા.૪,૯૬૦ કરોડના પ્રસ્તાવને બોર્ડની મંજૂરી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૨

ઓટોમોબાઈલ જાયન્ટ મારુતિ સુઝુકી ઈન્ડિયાના ડિરેક્ટર બોર્ડે ગુજરાતમાં જમીન ખરીદવા અને તેની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ૪,૯૬૦ કરોડના પ્રસ્તાવને મંજૂરી આપી છે. મારુતિ સુઝુકી ઈન્ડિયાએ સ્ટોક એક્સચેન્જને આપેલી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે કંપનીના બોર્ડે સોમવારે યોજાયેલી તેની બેઠકમાં ખોરાજ ઔદ્યોગિક વસાહત ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ પાસેથી ઉત્પાદન ક્ષમતા વધારવા માટે જમીન ખરીદવાની મંજૂરી આપી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે "પ્રસ્તાવિત ક્ષમતા વધારો ૧૦ લાખ યુનિટ સુધીનો છે." કુલ રોકાણ અંગે, કંપનીએ જણાવ્યું હતું કે ક્ષમતા સ્થાપનાના તબક્કાઓ નક્કી કરતી વખતે તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે અને ડિરેક્ટર બોર્ડ દ્વારા મંજૂરી



આપવામાં આવશે. તેમાં જણાવાયું હતું કે, "બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરાયેલ જમીન સંપાદન, વિકાસ અને પ્રારંભિક પ્રવૃત્તિઓનો ખર્ચ ૪,૯૬૦ કરોડ છે." મારુતિ સુઝુકી ઈન્ડિયાએ જણાવ્યું હતું કે ભંડોળ આંતરિક સંસાધનો અને બાહ્ય ઉધાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. કંપનીએ જણાવ્યું હતું કે ગુરુગ્રામ, માનેસર, ખારખોડા (બધા હરિયાણામાં), અને હાંસલપુર (ગુજરાતમાં) ખાતે તેની વર્તમાન વાર્ષિક ઉત્પાદન ક્ષમતા આશરે ૨.૪ મિલિયન યુનિટ છે, જ્યારે કુલ ઉત્પાદન ક્ષમતા દર વર્ષે ૨.૬ મિલિયન યુનિટ છે.

# આરસીપી સિંહ ફરી જેડીયુમાં પાછા ફરશે તેવી જોરદાર અટકળો

પટણા,તા.૧૨

બિહારના રાજકીય વર્તુળોમાં ફરી એકવાર ઉત્કેરાટ ફેલાયો છે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને એક સમયે મુખ્યમંત્રી નીતિશ કુમારના નજીકના સહયોગી રહેલા આરસીપી સિંહ, જનતા દળ યુનાઈટેડમાં પાછા ફરવા અંગે અટકળો ચાલી રહી છે. પટણામાં યોજાયેલા મકરસંક્રાંતિના તહેવાર પછી, આરસીપી સિંહના સ્વરમાં ફેરફારથી એવી અટકળોને વેગ મળ્યો છે કે ખરમાસ પૂર્ણ થયા પછી બિહારના રાજકારણમાં મોટો ફેરફાર આવી શકે છે. પ્રસંગ પટેલ સમુદાય દ્વારા આયોજિત મકરસંક્રાંતિના તહેવારનો હતો. મુખ્યમંત્રી નીતિશ કુમાર અને આરસીપી સિંહ બંનેને આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. બંને નેતાઓ એક જ સમુદાયના હોવાથી અને લાંબા સમયથી નજીક હોવાથી, બધાનું ધ્યાન તેમની મુલાકાત પર કેન્દ્રિત હતું. જોકે, નીતિશ કુમાર અને આરસીપી સિંહ અલગ અલગ સમયે પહોંચ્યા, જેના કારણે સામ-સામે મુલાકાત થઈ શકી નહીં.

# જમ્મુ-કાશ્મીરની સરહદે પાકિસ્તાની ડ્રોન દેખાતા ભારતીય સેનાનું સર્ચ ઓપરેશન શરૂ

નવીદિલ્હી,તા.૧૨

ઓપરેશન સિંદૂરમાં હારનો સામનો કરવા છતાં, પાકિસ્તાન તેની પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાનની પ્રવૃત્તિઓ ચાલુ છે. એવી આશંકા છે કે પાકિસ્તાન ભારતમાં મોટી ઘૂસણખોરીની તૈયારી કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાન નિયંત્રણ રેખા પર તેનું સંરક્ષણ માળખું તૈયાર કરી રહ્યું છે. પાકિસ્તાન પોતાના બંકરોને ફરીથી મજબૂત બનાવી રહ્યું છે. અહેવાલ મુજબ, પાકિસ્તાની એસએસજી કમાન્ડો ભારતમાં મોટી ઘૂસણખોરીની તૈયારી કરી રહ્યા છે. સર્વેલન્સે પાકિસ્તાની કાવતરાનો પર્દાફાશ કર્યો છે. પાકિસ્તાન એલઓસી પર પોતાનું સંરક્ષણ મજબુત કરી રહ્યું છે.



ઈન્ડિયા ટીવી દ્વારા મેળવેલા ફોટા સ્પષ્ટપણે દર્શાવે છે કે પાકિસ્તાની SSG કમાન્ડો બંકરોને મજબૂત બનાવી રહ્યા છે અને ત્યાંથી ભારતીય પ્રવૃત્તિઓ પર નજર રાખી રહ્યા છે. આ એ જ બંકરો છે જેમાંથી પાકિસ્તાને અગાઉ ઘૂસણખોરી કરી છે. આ બંકરો ઓપરેશન સિંદૂર દરમિયાન પણ નાશ પામ્યા હતા. અહેવાલો પણ બહાર આવ્યા છે કે આ સંરક્ષણમાં વોચ ટાવર અને સિગ્નલ જામર છે. પાકિસ્તાની સેના આ પ્રયાસમાં અન્ય દેશોની મદદ પણ લઈ રહી છે.

# તમિલનાડુ ભાજપના નેતા અન્નામલાઈને રસમલાઈ કહી રાજ ઠાકરેએ મજાક ઉડાવી

મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ તાજેતરમાં BMC ચૂંટણી પહેલા તેમના મોટા પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરે સાથે ગઠબંધન કર્યું હતું. ઠાકરે બંધુઓએ મુંબઈમાં એક રેલી યોજી હતી. આ દરમિયાન રાજ ઠાકરેએ ઉત્તર પ્રદેશ અને બિહારના સ્થળાંતર કરનારાઓને હિન્દી લાદવા સામે ચેતવણી આપી હતી. તેમણે તમિલનાડુના ભાજપ નેતા અન્નામલાઈ પર અપશબ્દોનો મારો ચલાવ્યો હતો. ઠાકરેએ કહ્યું હતું કે, "તામિલનાડુથી મુંબઈમાં એક રસમલાઈ આવી છે. અહીં તમારો શું સંબંધ છે? મને દૂર કરો, તમારી લુંગી વગાડો, તમારી પુંગી વગાડો." ઠાકરેના આ નિવેદનથી વિવાદ સર્જાયો છે.

રાજ ઠાકરેએ કહ્યું હતું કે, "ઉત્તર પ્રદેશ અને બિહારના લોકોએ સમજવું જોઈએ કે હિન્દી તમારી ભાષા નથી. મને આ ભાષાથી ધિક્કાર નથી... પરંતુ જો તમે તેને લાદવાનો પ્રયાસ કરશો, તો હું તમને પાઠ ભણાવીશ."


# ૧૯૭૧ના યુદ્ધના નાયક અને પૂર્વ નૌકાદળ વડાને પોતાની ઓળખ સાબિત કરવા ચૂંટણી પંચે નોટિસ પાઠવી

ગોવા,તા.૧૨

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધના નાયક અને છેલ્લા ૨૦ વર્ષથી ગોવામાં રહેતા વીર ચક્ર પુરસ્કાર વિજેતા એડમિરલ અરુણ પ્રકાશને ચૂંટણી પંચ તરફથી નોટિસ મળી છે. નોટિસમાં તેમને તેમની ઓળખ ચકાસવા માટે ચૂંટણી અધિકારી સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે.

દક્ષિણ ગોવાના જિલ્લા કલેક્ટર અને રિટર્નિંગ ઓફિસર અગાના ક્લીટસના જણાવ્યા અનુસાર, એડમિરલ પ્રકાશનું નામ "અનમેપ્ડ" શ્રેણીમાં આવે છે, કારણ કે તેમની વિગતો ૨૦૦૨ થી અપડેટ કરાયેલ મતદાર યાદીમાં હાજર નહોતી.

ભૂતપૂર્વ નૌકાદળના વડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' દ્વારા પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે સમજાવ્યું કે



તેમના અને તેમની પત્નીના નામ પહેલાથી જ ગોવા ડ્રાફ્ટ મતદાર યાદી ૨૦૨૬ માં દેખાય છે, છતાં તેમને નોટિસ આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે જો વર્તમાન એસઆઈઆર ફોર્મ જરૂરી માહિતી એકત્રિત કરવામાં સક્ષમ નથી, તો તેમાં સુધારો કરવો જોઈએ.

૮૨ વર્ષીય એડમિરલે સમજાવ્યું કે તેમને અને તેમની ૭૮ વર્ષીય પત્નીને ૧૮ કિલોમીટર દૂર અલગ અલગ તારીખે હાજર થવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે, જે તેમની ઉંમરે શક્ય નથી.

# રાજસ્થાનમાં મનરેગા મુદ્દે આરપારની લડાઈ: કોંગ્રેસે ફૂંક્યું આંદોલનનું રણશિંગું, ૪૫ દિવસ સુધી ચાલશે વિરોધ

(એચ.એસ.એલ), જયપુર, તા.૧૨

'અરાવલી બચાવો' ઝુંબેશ બાદ, કોંગ્રેસે હવે નવા મનરેગા કાયદા સામે રાજસ્થાનમાં એક મોટું આંદોલન શરૂ કર્યું છે. જ્યારે રાજ્યમાં મનરેગા વિરુદ્ધ કોંગ્રેસના વિરોધ અને પ્રદર્શનો શરૂ થઈ ગયા છે, ત્યારે પાર્ટીએ આ મુદ્દા પર ૪૫ દિવસનું રાષ્ટ્રવ્યાપી આંદોલન પણ શરૂ કર્યું છે. રાજસ્થાનમાં સંગઠિત અને અસરકારક આંદોલન સુનિશ્ચિત કરવા માટે, કોંગ્રેસ પાર્ટીએ એક સંકલન સમિતિની રચના કરી છે. વરિષ્ઠ નેતા સીપી જોશીને તેના કન્વીનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સમિતિમાં મુરારી મીણા, ઉમ્મેદારમ બેનીવાલ, અશોક ચંદના, રોહિત બોહરા, ગણેશ ઘોઘરા, હકીમ અલી ખાન, બાબુલાલ નાગર, ડુંગરમ ગેદાર અને વૈભવ ગેહલોતનો સમાવેશ થાય છે.



પક્ષના નેતૃત્વ અનુસાર, આ સમિતિ રાજ્યભરમાં આંદોલનની રણનીતિ અને સંકલન કરવાનું કામ કરશે. કોંગ્રેસે સ્પષ્ટપણે જણાવ્યું છે કે નવો મનરેગા કાયદો રદ ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. આ સંદર્ભમાં, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ રવિવારે જયપુરમાં શહીદ સ્મારક ખાતે ઘણા કલાકો સુધી ઉપવાસ પર બેઠા હતા, શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. પાર્ટી પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા, વિરોધ પક્ષના નેતા ટીકારામ જુલી અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ગોવિંદ સિંહ દોતાસરા ઉપવાસમાં હાજર હતા.

# મહાયુતિનો ચૂંટણી ઢંઢેરો: મુંબઈની મહિલાઓને રૂા. પાંચ લાખની વ્યાજમુક્ત લોન અને બસ ભાડામાં ૫૦% છૂટ

મુંબઈ,તા.૧૨

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ (બીએમસી ચૂંટણીઓ) વચ્ચે મહાયુતિએ પોતાનો ઢંઢેરો બહાર પાડ્યો છે. આ ઢંઢેરો મરાઠી ભાષા અને મરાઠી લોકોના વિકાસ પર ખાસ ભાર મૂકે છે. મહિલા મતદારોને આકર્ષવાના પ્રયાસમાં મહાયુતિએ



મહિલાઓને ૫ લાખ સુધીની વ્યાજમુક્ત લોન આપવાનું મોટું વચન આપ્યું છે. વધુમાં, તેણે બેસ્ટ બસોમાં મહિલાઓ માટે ૫૦% ડિસ્કાઉન્ટ, કચરામુક્ત અને પ્રદૂષણમુક્ત મુંબઈ અને રોહિંગ્યા- અને બાંગ્લાદેશી-મુક્ત મુંબઈનું વચન આપ્યું છે. આ ઢંઢેરામાં મરાઠી લોકો માટે સસ્તા મકાનો બનાવવાનું વચન પણ સામેલ છે. મહાયુતિએ મરાઠી મુદ્દાને તેના ઢંઢેરાના કેન્દ્રમાં રાખ્યો છે.

# પશ્ચિમ બંગાળમાં બંધ ફેક્ટરીમાં સગીરા પર ગેંગરેપમાં ટીએમસીના નેતાની ધરપકડ

કોલકાતા, તા.૧૨

પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાં એક શરમજનક ઘટના બની છે. હુગલી જિલ્લામાં એક ત્યજી દેવાયેલી ફેક્ટરીમાં એક સગીરા પર સામૂહિક બળાત્કાર થયો હોવાનો આરોપ છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે આ ઘટનાના સંદર્ભમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓમાં એક તૃણમૂલ કોંગ્રેસ નેતા છે. પોલીસે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ કાયદાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૬ વર્ષીય પીડિતા ગુરુવારે સાંજે એક મિત્ર સાથે બંધ હિંદ મોટર ફેક્ટરીમાં ગઈ હતી. આરોપ છે કે આરોપીઓએ તેમના અન્ય સાથીઓ સાથે મળીને ફેક્ટરીની અંદર છોકરી પર જાતીય હુમલો કર્યો હતો.

# મુખ્યમંત્રી યોગીએ યુવાનોને ડ્રગ્સ મુક્ત સમાજ અને પર્યાવરણ સુરક્ષા માટે આગળ આવવા અપીલ કરી

લખનૌ,તા.૧૨

સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી પર સોમવારે રાજધાની લખનૌમાં રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે, યુવાનોને સમર્પિત કાર્યક્રમ, "યુવા પ્રતિભા સન્માન અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઈન્દિરા ગાંધી પ્રતિષ્ઠાન ખાતે યોજાયો



હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે સભાને સંબોધિત કરી હતી.

આ પ્રસંગે, યુવા કલ્યાણ અને રમતગમત મંત્રી ગિરીશ યાદવે કહ્યું કે મુખ્યમંત્રી યુવાનોને પ્રોત્સાહિત કરવા આવ્યા છે. આજનો દિવસ આપણા માટે પ્રેરણા અને નિશ્ચયનો દિવસ છે. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, "ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી થોભો નહીં." આ આપણને એકાગ્રતા, શિસ્ત અને પ્રેરણા આપે છે.

# ઈરાનમાં જનવિદ્રોહ લોહિયાળ બન્યો: અત્યાર સુધીમાં ૫૩૮ પ્રદર્શનકારીઓના મોત, ૧૦ હજારથી વધુની ધરપકડ

(એચ.એસ.એલ),તેલઅવીવ,તા.૧૨

ઈરાનમાં વર્તમાન શાસન સામે જાહેર બળવો વધુ તીવ્ર બન્યો છે. રાષ્ટ્રવ્યાપી વિરોધ રાજધાની તેહરાન અને અન્ય મોટા શહેરોમાં ફેલાઈ ગયો છે. અમેરિકા સ્થિત માનવાધિકાર સંગઠનના જણાવ્યા અનુસાર, વિરોધીઓ પરના કાર્યવાહીમાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૫૩૮ થયો છે.

યુએસ સ્થિત માનવાધિકાર કાર્યકર્તાઓ ન્યૂઝ એજન્સી અનુસાર, ઈરાનમાં ચાલી રહેલા રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૫૩૮ થયો છે. આ સમયગાળા દરમિયાન ૧૦,૬૭૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. વિરોધ પ્રદર્શનના પ્રતિભાવમાં ઈરાનમાં ઈન્ટરનેટ અને ફોન સેવાઓ બંધ કરવામાં આવી છે, જેના કારણે વિરોધ પ્રદર્શનોની હદનું ચોક્કસ મૂલ્યાંકન કરવું મુશ્કેલ બન્યું છે.

આ દરમિયાન, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે તેમનો દેશ ઈરાનમાં વ્યાપક



વિરોધ પ્રદર્શનોના પરિણામો પર નજીકથી નજર રાખી રહ્યો છે. નેતન્યાહૂએ સાપ્તાહિક કેબિનેટ બેઠકની શરૂઆતમાં કહ્યું, "ઈઝરાયલ અને સમગ્ર વિશ્વના લોકો ઈરાની નાગરિકોની અસાધારણ હિંમતથી અભિભૂત છે." નેતન્યાહૂએ ઈરાની નાગરિકોની હત્યાની નિંદા કરી અને આશા વ્યક્ત કરી કે ઈરાન જુલમમાંથી મુક્ત થયા પછી ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંબંધો મજબૂત બનશે. એક ઈઝરાયલી અધિકારીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નેતન્યાહૂએ અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે ઈરાન સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.


# ડોનાલ્ડ ટ્રમ્પનો વિશ્વ સ્તરે સૌથી મોટો ધડાકો: પોતાને જાહેર કર્યા "વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ"

(એચ.એસ.એલ), વોશિંગ્ટન,તા.૧૨

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા સામેના તેમના પગલાં માટે સમાચારમાં છે. હવે, તેમણે એક ચોંકાવનારો દાવો કર્યો છે. તેમની ટ્રૂથ સોશિયલ પોસ્ટમાં, ટ્રમ્પે પોતાને "વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ" ગણાવ્યા છે. આ સોશિયલ મીડિયા પોસ્ટ વાયરલ થઈ રહી છે.

આ મહિનાની શરૂઆતમાં, અમેરિકાએ વેનેઝુએલા સામે મોટા પાયે કાર્યવાહી શરૂ કરી, જેમાં વેનેઝુએલાનાં રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને તેમની પત્ની સેલિયા ફલોરેસ સાથે ન્યૂયોર્ક પ્રત્યાર્પણ કરવામાં આવ્યા, જ્યાં તેમના પર નાર્કો-આતંકવાદના કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો.

ટ્રમ્પે ત્યારબાદ કહ્યું કે અમેરિકા "જ્યાં સુધી સુરક્ષિત, ન્યાયી અને સમજદાર સંક્રમણ ન થાય ત્યાં સુધી વેનેઝુએલા પર શાસન કરશે. અમે એવા



વ્યક્તિને વેનેઝુએલા પર કબજો કરવાનું જોખમ લઈ શકતા નથી જે વેનેઝુએલાનાં લોકોના શ્રેષ્ઠ હિતોને ધ્યાનમાં રાખતો નથી."

ત્યારબાદ વેનેઝુએલાનો કબજો વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ અને તેલ મંત્રી ડેલ્સી રોડ્રિગ્ઝને સોંપવામાં આવ્યો, જેમણે ગયા અઠવાડિયે દેશના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે ઔપચારિક રીતે શપથ લીધા હતા. ટ્રમ્પે ત્યારબાદ જણાવ્યું હતું કે વેનેઝુએલાનાં વચગાળાના અધિકારીઓ અમેરિકાને ૩૦ થી ૫૦ મિલિયન બેરલ "ઉચ્ચ ગુણવત્તાવાળું, માન્ય તેલ" પૂરું પાડશે, જે બજાર ભાવે વેચવામાં આવશે.

**નિર્માણાધીન પુલ પાસે પર કોઈ સાઈન બોર્ડ ન હોવાથી વાહનચાલકોને જીવનું જોખમ**

# અમરેલી નજીક લીલીયા રોડ પર તંત્રની ઘોર બેદરકારી : પાંચ દિવસમાં બેના મોત

**સ્થાનિકોએ આ અકસ્માતો માટે તંત્રની લાપરવાહીને જવાબદાર ઠેરવી**



અમરેલી,તા.૧૨

અમરેલી-લીલીયા રોડ પર ચાલી રહેલા રેલવે અંડરબ્રિજના અધૂરા કામ અને તંત્રની ઘોર બેદરકારીને કારણે પાંચ દિવસના ટૂંકા ગાળામાં બે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. નિર્માણાધીન બ્રિજ પાસે લાઈટિંગ કે સુરક્ષા બેરિકેડ્સનો અભાવ હોવાથી મોડી રાત્રે અકસ્માતોની સંખ્યા વધી છે. પ્રથમ દુર્ઘટનામાં, દાદા ભગવાનના મંદિર નજીક અંધારામાં બાઈક સવાર એક પુરુષ અને બે મહિલાઓ ઊંડા ખાડામાં ખાબક્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં પુરુષનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું, જ્યારે બે મહિલાઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ત્યારબાદ, સલડી ગામ નજીક નિર્માણાધીન બ્રિજમાં એક યુવાન બાઈક સાથે પડતાં તેમના માથામાં લોખંડનો સળિયો ઘૂસી જવાથી તેમનું પણ કરુણ મોત નિપજ્યું હતું. સ્થાનિકોએ આ અકસ્માતો માટે તંત્ર અને કોન્ટ્રાક્ટરની લાપરવાહીને જવાબદાર ઠેરવી, જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની અને તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની માંગ કરી છે. આમ છતાં જવાબદારો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી.

**રાજકીય નેતાઓ સામે લોકોમાં આક્રોશ**

પાંચ દિવસમાં બે લોકોના મોત થયા બાદ મોટાભાગના રાજકિય નેતાઓએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. બે યુવાનોના મોત બાદ પરિવારમાં શોકનો માહોલ છે ત્યારે નેતાઓને પરિવારોના આંસુ ન દેખાતા હોવાથી લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

**અમરેલી બગસરા રોડ પર પણ અકસ્માતનો ભય**

અમરેલી જિલ્લા હાલમાં ઠેર-ઠેર રસ્તાઓનું નવિનિકરણ થઈ રહ્યું છે. અમરેલી બગસરા નેશનલ હાઈવેનું કામ પણ ચાલુ છે. આ રસ્તા પર ઠેર-ઠેર પુલ માટે ખાડાઓ ખોદવામાં આવ્યા છે. જેમાં પણ કોઈ સેફટીના સાધનો કે દિશા સુચકો મુકવામાં આવ્યા નથી. જેના કારણે પણ અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ આળસ ખંખેરી આવા સ્થળોની તપાસ કરે તો માનવ જિંદગી બચી શકે.

**આડેધડ વિકાસ લોકોના મોતનું કારણ બન્યો**

પાંચ દિવસમાં બે લોકોના મોત બાદ લોકોએ રોષ સાથે જણાવ્યું હતું કે, ટેન્ડર મંજૂર થઈ ગયા બાદ લોકોની સલામતી અંગે કોન્ટ્રાકટરો ધ્યાન આપતા નથી. આડેધડ વિકાસની લ્હાયમાં માનવજિંદગી હોમાઈ રહી છે. કોન્ટ્રાકટરે માનવ જિંદગીનો ખ્યાલ રાખી બેરીકેડ, લાઈટ સહિતની સગવડતા કરવી જોઈએ પરંતુ માનવજિંદગીને કોરાણે મૂકી આડેધડ વિકાસ લોકોના મોતનું કારણ બન્યો છે.

## સુરતના કતારગામ વિસ્તારમાં યુવકની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા

સુરત,તા.૧૨

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં એક યુવકની હત્યાની ઘટના બની છે. ધનમોરાના જે.કે.પી. નગર સોસાયટીમાં રહેતા વિપુલ કાનાણી (ઉંમર ૨૮) નામના યુવકની ત્રણથી ચાર અજાણ્યા યુવાનોએ જૂની અદાવતને કારણે છરી-ચાકુથી હુમલો કરીને હત્યા કરી દીધી હતી. હત્યા બાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી અનુસાર વિપુલ કાનાણી તેમના મિત્રો સાથે સોસાયટીમાં બેઠો હતો ત્યારે અચાનક ત્રણ-ચાર યુવાનો બાઈક પર આવ્યા હતા અને વિપુલ પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં વિપુલને ગળા, છાતી અને પેટમાં એકથી વધુ વાર છરી-ચાકુથી ઘા વાગ્યા હતા. ઘાયલ યુવકને સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ, ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## અમરેલીમાં ૭.૬ ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં ઠંડીએ હાહાકાર મચાવ્યો

અમદાવાદ,તા.૧૨



ગુજરાતમાં શિયાળાની કાતિલ ઠંડીએ જોર પકડ્યું છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા નોંધાયેલા તાજા આંકડા અનુસાર, કચ્છના નલિયામાં સિઝનનું સૌથી નીચું ૩.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે, જે સામાન્ય કરતાં ૬.૧ ડિગ્રી નીચું છે. આ સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું સ્થળ બન્યું છે, જ્યાં વહેલી સવારે ઝાકળ બરફ જેવી ચાદરમાં ફેરવાઈ જતું જોવા મળી રહ્યું છે. આ તીવ્ર શીતલહેરની અસરે સમગ્ર ગુજરાતને લપેટી લીધું છે. ઉત્તર ભારતમાં હિમાલય પર્વતમાં ભારે હિમવર્ષા થયા બાદ ઉત્તરીય ઠંડા અને સૂકા પવનો મેદાની વિસ્તારો તરફ વહી રહ્યા છે, જેની અસર ગુજરાત સુધી પહોંચી છે. નલિયા ૩.૮° C (સૌથી નીચું), કંડલા ૧૨.૨° C, અમરેલી ૭.૬° C, ભાવનગર ૧૨.૦° C, રાજકોટ ૮.૯° C, ભુજ ૯.૦° C, વડોદરા ૧૨.૪° C, ગાંધીનગર ૯.૫° C, દ્વારકા ૧૩.૬° C, પોરબંદર ૧૧.૫° C, અમદાવાદ ૧૧.૬° C (સિઝનનું સૌથી નીચું) છે. આ તાપમાનોમાં મોટાભાગના સ્થળોએ સામાન્ય કરતાં ૩ થી ૬ ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. અમદાવાદમાં આ સિઝનમાં પહેલીવાર પારો ૧૧.૬° C સુધી ગગડ્યો છે, જે શહેરવાસીઓ માટે અસાધારણ ઠંડીનો અનુભવ કરાવી રહ્યો છે.

## અમદાવાદમાં ઉત્તરાયણ પર 'ટેરેસ ટુરિઝમ'નો ક્રેઝ, પ્રતિ વ્યક્તિ દીઠ અંદાજે ૩૫૦૦ જેટલું ભાડુ

અમદાવાદ,તા.૧૨

અમદાવાદમાં ઉત્તરાયણનો પર્વ દર વર્ષે પરંપરા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. પરંતુ આ સમયે ઉત્તરાયણ માત્ર પતંગ ઉડાડવાનો પર્વ રહ્યો નથી. હવે આ પર્વ સાથે જોડાઈ છે એક નવી ઓળખ "ટેરેસ ટુરિઝમ". ખાસ કરીને અમદાવાદના ઐતિહાસિક કોટ વિસ્તારના ધાબાઓ ઉત્તરાયણ દરમિયાન ટુરિઝમનું મુખ્ય આકર્ષણ બન્યા છે. ઉત્તરાયણને લઈ કોટ વિસ્તારના પોળો અને ધાબાઓ રંગબેરંગી સજાવટથી ઝળહળી ઉઠે છે. દેશ-વિદેશથી આવતા લોકો પરિવાર અને મિત્રમંડળી સાથે અહીં ધાબા ભાડે લઈ ઉત્તરાયણનો પરંપરાગત આનંદ માણે છે. આ વર્ષે પણ ધાબા ભાડે લેવાનો ટ્રેન્ડ યથાવત જોવા મળી રહ્યો છે. ધાબાના ભાડાંની વાત કરીએ તો આ વર્ષે પ્રતિ વ્યક્તિ દીઠ અંદાજે ૩૫૦૦ જેટલું ભાડું લેવામાં આવી રહ્યું છે, જ્યારે ચા-નાસ્તા, લંચ અને ડિનર સહિત તમામ સુવિધાઓ સાથેનું પેકેજ ૫૦૦૦ સુધી પહોંચી રહ્યું છે. કેટલાક ખાસ ધાબાઓ માટે તો લોકો ૫૦૦૦ થી લઈને ૧ લાખ સુધીનું ભાડું ચૂકવતા જોવા મળે છે.

## આણંદ શહેરમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી વિધર્મીએ વારંવાર દુષ્કર્મ આચરતા ખળભળાટ

આણંદ,તા.૧૨



આણંદમાં ફરી એકવાર લવ જેહાદ જેવી ઘટના સામે આવી છે, જેમાં ૨૬ વર્ષીય યુવક યાસીનખાનએ એક નાની કિશોરીને પ્રેમ અને મિત્રતાના નામે ફસાવીને તેની સાથે વારંવાર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનો ગંભીર આરોપ છે. આ ઘટનાએ સ્થાનિક સમાજમાં ભારે આક્રોશ અને ચિંતા ફેલાવી છે. પોલીસને મળેલી ફરિયાદ અને પ્રાથમિક તપાસ અનુસાર, આરોપી યુવકે કિશોરી સાથે સોશિયલ મીડિયા અથવા અન્ય ઓનલાઈન/ઓફલાઈન માધ્યમો દ્વારા પ્રથમ સંપર્ક સાધ્યો હતો. ધીમે-ધીમે તેણે તેની સાથે મિત્રતા કેળવી અને પછી પ્રેમની જાળમાં ફસાવી દીધી. કિશોરીને વિવિધ બહાનાઓથી અલગ-અલગ સ્થળોએ બોલાવીને આરોપીએ તેના પર બળજબરી કરી અને દુષ્કર્મ આચર્યું. આ ઘટના એક વખતની નહીં, પરંતુ અનેક વખત બની હોવાનું સામે આવ્યું છે. આરોપીએ કિશોરીને ધમકીઓ પણ આપી હતી કે જો તે આ વાત કોઈને કહેશે તો તેના ફોટા, ચેટ્સ અથવા વીડિયોને વાયરલ કરી દેશે, જેના કારણે કિશોરી લાંબા સમય સુધી ડરના માર્યા મૌન રહી. આખરે કિશોરીએ પોતાના પરિવારને આ સમગ્ર બનાવની જાણ કરી, જે બાદ પરિવારે તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. આણંદ પોલીસે ફરિયાદ મળતાં જ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી અને આરોપી યાસીનખાન સામે ગુનો નોંધ્યો હતો.

## સુરતમાં નાયબ મામલતદાર હિનીષા પટેલનો ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત

સુરત,તા.૧૨



સુરતથી આપઘાતની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મહિલા નાયબ મામલતદારે પોતાના બેડરૂમમાં ગળફાંસો ખાઈ મોત મીઠું કર્યું છે. હિનીષા પટેલ ઓલપાડ મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના રાંદેર વિસ્તારમાં નાયબ મામલતદાર હિનીષા પટેલે પોતાના બેડરૂમમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. આપઘાતની ઘટના તેમના પોતાના નિવાસસ્થાને બનતા ચકચાર મચી ગઈ છે. હિનીષા પટેલ ઓલપાડ મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા. મૃતકના પતિ પણ ઓલપાડ પ્રાંત કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ પર છે. ઘટનાની જાણ થતા રાંદેર પોલીસ તરત જ સ્થળ પર પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. પોલીસને હાલ સુધી કોઈ સ્યૂસાઈડ નોટ મળી આવી નથી. આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ અસ્પષ્ટ છે.

## ભાવનગરમાં પતંગ ચગાવવા દરમ્યાન ત્રણ બાળકોને લાગ્યો કરંટ, એકનું મોત

ભાવનગર,તા.૧૨



ભાવનગરમાં પતંગ ચગાવવા દરમિયાન ત્રણ બાળકોને કરંટ લાગ્યો હતો અને તેમાં એકનું મોત થયુ હતું. વીજકરંટ લાગવાના કારણે એક બાળકનું મોત થયુ હતું અને બે બાળકીઓની હાલત ગંભીર છે. મંદિર પાસે આવેલા ખોડિયાર નગરમાં આ બનાવ બન્યો હતો. પતંગ ચગાવવા દરમિયાન બાળકોને વીજકરંટ લાગ્યો હતો. તેમાં ૧૦ વર્ષના બાળકનું મોત થયુ હતું. પંચમહાલ જિલ્લામાં ચાઈનીઝ દોરીથી બાળકીને વીજકરંટ લાગતા ૭ વર્ષીય બાળકી શરીરના ભાગે ગંભીર રીતે દાઝી ગઈ હતી. વીજકરંટથી બાળકીના ડાબા હાથની આંગળી છૂટી પડી ગઈ હતી.

## ઉત્તરાયણના દિવસે સવારના ૯ વાગ્યાથી પવનની ગતિ ૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની ધારણા

અમદાવાદ,તા.૧૨

ઉત્તરાયણના દિવસે પવન અંગે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી આવી ગઈ છે. તેમણે જણાવ્યું કે, ઉત્તરાયમણના દિવસે સવારે નવ વાગ્યાથી ૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તો ૧૦ વાગ્યાથી લઈને છ થી સાત કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. બપોરે ૬ થી ૭ કિલોમીટર અને સાંજે ૪ થી ૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તો કોઈ કોઈક ભાગમાં ૧૦ થી ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન રહેશે.

પવનની ગતિ અમદાવાદ, મહેસાણા, પાલનપુર, મહુવા, ભાવનગર, પોરબંદર, ગાંધીધામ, જામનગર, રાધનપુર, વિરમગામ, સુરત જેવા અન્ય સ્થળો પર અલગ-અલગ રહેશે. તેમજ દરિયા કિનારાના ભાગો પર પવનની ગતિ થોડી વધુ રહી શકે છે. સુરતના ભાગોમાં ૯ કિલોમીટર પ્રતિ કલાકની આસપાસ પવનની ગતિ રહી શકે છે.

## સીએમ ભૂપેન્દ્ર પટેલ ,ડે.સીએમ હર્ષ સંઘવીની મહાત્મા મંદિર-જૂના સચિવાલય સુધી મેટ્રો ટ્રેનમાં મુસાફરી

ગાંધીનગર, તા.૧૨



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરવાસીઓને વધુ એક મેટ્રો ટ્રેનની સુવિધાની ભેટ આપી છે. આ મેટ્રો ટ્રેન થકી લોકો હવે મહાત્મા મંદિરથી જૂના સચિવાલય સુધીની મુસાફરી કરી શકશે. ત્યારે આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જાહેર જનતા સાથે મેટ્રો ટ્રેનની મુસાફરી કરી હતી અને મુસાફરી કરી રહેલા નાગરિકો સાથે સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ મહાત્મા મંદિરથી જૂના સચિવાલય સુધી મેટ્રોમાં મુસાફરી કરી હતી.







